# શ્રી પ્રભાવક જિનવાણી

વિ.સં. ૨૦૭૧ • વર્ષ – ૧૫, અંક–૬
મૂલ્ય છૂટક નકલ રૂા. ૪/-

જાન્યુઆરી – ૨૦૧૫


❋ પ્રવચનકાર ❋

સકલાગમ રહસ્યવેદી, પરમ ગીતાર્થ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટધરરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ પરમ શાસન પ્રભાવક સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

# દીક્ષાયુગ પ્રવર્તક઼ઃ

## (૨૦)

## Stray dogs welfare

ગલીમાં રખડતા કૂતરાને પહેલાં સ્ટ્રીટ ડૉગ્સ કહેતા, હવે સ્ટ્રે ડૉગ્સ કહે છે. આ કૂતરા માનવ-વસાહતમાં જ રહે છે. એશિયા અને આફ્રિકામાં ૧૪૦૦૦ વરસથી આ કૂતરાઓ જોવા મળે છે. ભારત ઉપરાંત, પાકિસ્તાન, ઈરાન, ઈરાક, સાઉદી અરેબિયા, કંબોડિયા, કોરિયા, ભૂતાન, અફઘાનિસ્તાન, જોર્ડન, સિરિયા, યમન, બાંગ્લાદેશ, નેપાલ, યુક્રૈન, ઉઝબેકિસ્તાનમાં આ શ્વાન, મનુષ્યપ્રજાની આસપાસ જ નિવાસ કરે છે. ગરીબી અને ગંદકી, આ શ્વાનના બે મુખ્ય આધાર છે. વિકસિત દેશોમાં બંનેનો અભાવ હોવાથી ત્યાં આ શ્વાનની વસતિ નથી, અથવા ઓછી છે. અંગ્રેજોની હકૂમત હેઠળ, ભારતમાં દર વરસે ૫૦,૦૦૦ શ્વાનની કતલ કરવામાં આવતી. આ કૂતરા – કરડે, ભસે, ડરાવે અને ગંદકી કરે – તેને લીધે તેઓ ગુનેગાર ગણાતા. Stray dogs welfareની પરિકલ્પના વિકસિત થઈ તે પછી સમજાયું કે – કૂતરાઓને ઠાર મારી દેવાથી તેમની વસતિ ઘટતી નથી. એક તારણ અનુસાર – It has been estimated that two dogs can, multiply to over 300 in three years. અર્થાત્ બે શ્વાન મળીને, ત્રણ વરસમાં ૩૦૦ નવા શ્વાન ઊભા કરી શકે છે.




માનદ્ સંપાદક : શાહ દિલીપ હરગોવિંદદાસ ધીવાળા,
કાર્યાલય : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૨/૫૯, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
E-mail: jinwani@yahoo.co.in/shreeprabhavakjinwani@gmail.com - 2386 6824

આ કૂતરા માનવે ફેંકેલા રોટીના ટુકડા અને ઉકરડાની ગંદકી ખાઈને જીંદગી ગુજારી લે છે. બીજા શબ્દોમાં કહીએ તો - આ શ્વાન માનવે પીરસેલા આહાર પર અવલંબિત છે, બદલામાં તેઓ કૂડાકચરાની ગંદકી સાફ કરી જાય છે.

જેમ જંગલમાં વાઘ કે સિંહનો એક વિસ્તાર નિશ્ચિત હોય છે તેમ શહેરોમાં કે ગામડામાં કૂતરાનો એક વિસ્તાર પણ નિશ્ચિત હોય છે. જંગલનો એક સિંહ કે વાઘ મરી જાય તો તેના વિસ્તારપર બીજો સિંહ કે વાઘ કબજો જમાવી દે છે, તેમ એક વિસ્તારનો કૂતરો મરી જાય તો બીજો એક કૂતરો તે વિસ્તારમાં દાખલ થઈ જાય છે. આને લીધે જ તો, કૂતરાઓને મારવા છતાં કૂતરાની સમસ્યા હલ થતી નથી. પર્યાવરણની દષ્ટિએ બે મુદ્દા છે. કૂતરાને તેની રીતે તેની જીંદગી જીવવા દેવી જોઈએ - આ એક. કૂતરાને તેના વિસ્તારથી દૂર ન મોકલવો જોઈએ, આ બે. ઈ.સ. ૧૯૯૮માં મુંબઈ હાઈકોર્ટે એક ચુકાદામાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'શ્વાન જે વિસ્તારમાં રહેતો હોય ત્યાંથી તેને બીજા વિસ્તારમાં મોકલી શકાય નહીં.' Bombay Municipal Corporation Act અનુસાર 'આ કૂતરાને પકડવાનો કે પકડાવવાનો હક, ફક્ત અને ફક્ત BMCના સ્ટાફનો છે. એટલે ગમે તે માણસ, કૂતરાની સાથે રમત કરી શકતો નથી.

ઈ.સ. ૧૯૨૯માં ભારતના રાજામહારાજાઓ જંગલમાં વાઘ-વરુ-સૂવર-ચિત્તા-હરણનો શિકાર કરવામાં મોટી બહાદુરી સમજતા. તેની જેમ રસ્તે કૂતરા દેખાય તેને મારી નાંખવાનું વલણ, અંગ્રેજોમાં પણ જોવા મળતું. કૂતરું હડકાયું થાય તે વખતે તો ઉગ્રતા ઔર વધતી. ભારતીય પરંપરામાં પાંજરાપોળ શબ્દ, જૈનોને લીધે આવ્યો છે. પોળ એટલે ઘણા બધા ઘરોવાળી ગલી. જેમાં પશુપંખીઓના પિંજરાઓની ગલીઓ જોવા મળે તે પાંજરાપોળ. પાંજરાપોળમાં ઢોર હોય, શ્વાન હોય, પંખીડા હોય અને સૌને રહેવાની અલાયદી વ્યવસ્થા હોય. હડકાયું કૂતરું સ્વતઃ પ્રાણત્યાગ કરી દે છે. તેને અલગ રાખી દેવાથી મામલો પોતાની મેળે પતી જાય છે. પાંજરાપોળના વ્યવસ્થાપકો ઘણે ભાગે હડકાયા કૂતરાનો પ્રશ્ન ઉકેલી આપે છે, તેવું તે વખતે, ગુજરાતીઓ અને જૈનોની જાણમાં હતું.

વિ.સં. ૧૯૮૧નું ચાતુર્માસ વિદ્યાશાળા-અમદાવાદમાં પૂરું થયું તે પછી વિ.સં. ૧૯૮૨નું ચાતુર્માસ પણ વિદ્યાશાળા અમદાવાદમાં જ થયું અને સળંગ ત્રીજું ચોમાસું થયું. એ ચોમાસાઓમાં પર્યુષણના ગણધરવાદનો ડંકો વાગ્યો હતો. ગ્રંથવાંચનની ગરિમા વધી હતી. પ્રસંગોની ઔપચારિકતા ઓછી થઈ હતી અને પ્રેરણાત્મકતા વધી હતી. ક્રિયાવાદી અભિગમ દૃઢ થયો હતો. જિજ્ઞાસામાં ઉઘાડ પણ જોવા મળ્યો અને તૃપ્તિનો પણ અનુભવ થયો. વિષયને વફાદાર રહેનાર વક્તામાં, વિશ્વાસ મૂકવાનો અહેસાસ, આનંદદાયક હોય છે - એ તો રોજે રોજ સમજાયું હતું. **શ્રી રામવિજયજી મ.** તો શ્રોતાઓને કહેતા: 'હું તમોને વ્યાખાનના વિષયો પહેલેથી જણાવી દઉં છું કેમ કે મારી ઈચ્છા એ હોય છે કે તમે એ વિષય પર વિચારીને આવો. તમે વિચારીને આવો તો તમને સાંભળવાનો સાચો લાભ મળશે.' શ્રોતાજનો પર આટલો મોટો વિશ્વાસ મૂકનારા વક્તા કદાચ, પહેલીવાર જોયા હતા અમદાવાદે. આ વક્તા શ્રોતાઓની વિચારશક્તિને આદર આપતા હતા. આ વક્તા શ્રોતાઓની વિચારશક્તિને શ્રદ્ધા સાથે જોડીને, વિકસિત કરતા હતા. કેવળ ઉપદેશ આપવાનું વલણ નહોતું. વિચારપ્રક્રિયાને સમજવાની અને સુધારવાની સતર્ક કોશિશ થતી રહેતી. અજાણ્યા પ્રશ્નો આવે તેનું અણધાર્યું સમાધાન મળતું. અઘરા સવાલોના ઉત્તર તદ્દન સરળ બાનીમાં આવતાં.

અમદાવાદની **કેલિકોમિલ,** જબલપુર બ્રીજના સામા છેવાડે આવેલી છે. તેમાં બનેલી એક ઘટનાએ, અમદાવાદની સાબરમતીમાં નવાં વમળ સરજ્યાં હતાં. પર્યુષણના બીજા દિવસે **કેલિકોમિલમાં** એકી સાથે ૬૦ કૂતરાઓને પુલિસ સાર્જન્ટે પિસ્તોલની ગોળીઓ વરસાવીને ઠાર મારી દીધા હતા. દુઃખની વાત એ તો હતી જ કે આ શ્વાનહિંસા પર્યુષણના દિવસોમાં જ થઈ હતી. તેનાથી વધુ દુઃખની વાત એ હતી કે **કેલિકોમિલના** માલિક જૈન હતા અને તેમના કહેવાથી જ આ કત્લેઆમ થઈ હતી. એમનું નામ હતું **અંબાલાલ સારાભાઈ.** જો કે, આ હત્યાકાંડની ગોપનીયતા જળવાય તે માટે તેઓ બહુ

સભાન રહ્યા હતા પણ આખરઅંતે આ ઘડો ફૂટ્યો હતો. સમાચાર, વિદ્યાશાળામાં પ્રવચન આપવાની ગંભીર જવાબદારી સંભાળી રહેલા **શ્રી રામવિજયજી મ.** ને મળ્યા. પોતાના ગુરુભગવંત સાથે વિમર્શ કરીને તેમણે આ ઘટનાનો વ્યાખ્યાન દરમ્યાન જ વિરોધ કર્યો. પત્યું, સમાચાર પણ ફેલાયા અને જનતામાં રોષ પણ જાગ્યો.

**કેલિકોમિલમાં** ત્રણ હજાર મજૂરો-પરિવારો સાથે રહેતા. એકાદ કૂતરો હડકાયો થયો હતો એવું શેઠે નજરે જોયેલું. તે વળી બીજા કૂતરાને કરડેલો. આમ એકાધિક કૂતરાને હડકવા લાગુ થયો હોય તેવી સંભાવના હતી. એવી પરિસ્થિતિ પહેલીવાર ઊભી થઈ હતી. શેઠે બધા જ કૂતરાઓને એક મોટા વાડામાં કેદ કરાવ્યા. તેઓ કૂતરાઓને જંગલમાં છોડી મૂકત તો વાત પતી જવાની હતી. તેમણે કૂતરાઓની જીંદગી સાથે શું કરવું તેનો નિર્ણય જાતે લીધો. આ ધૃણાજનક ભૂલ હતી. આ પછી તેમણે પુલિસને ખબર આપી અને પોતાનો નિર્ણય જણાવ્યો. પુલિસ તરફથી પૂછવામાં આવ્યું: તમે કેવી રીતે મારી નાંખવા માંગો છો, આમને ? શેઠે કહ્યું: ઓછામાં ઓછી તકલીફ થાય તે રીતે.

આના જવાબમાં પિસ્તોલની ગોળીઓ વરસાવવાનો નિર્ણય થયો. એ પછી જે થયું તે જલિયાંવાલા બાગની લઘુઆવૃત્તિ હતી. કૂતરાઓ પાસે ભાગી છૂટવાની જગ્યા ન હોતી. ભાગવાનો એક માત્ર રસ્તો હતો ત્યાંથી ગોળીઓની ધાણી ફૂટી રહી હતી. ડઘાયેલા કૂતરાઓની ચીસાચીસથી **કેલિકોમિલના** તોતિંગ ભૂંગળા અવાક્ થઈ ગયા હતા. ગણીગણીને એકે એક કૂતરાઓને ખતમ કરી દેવામાં આવ્યા.

**શ્રી રામવિજયજી મ.** એ આ ઘટનાનું વર્ણન કર્યું અને પછી આવી ઘટનાનું પુનરાવર્તન ન થવું જોઈએ તે માટે તેનો વિરોધ કર્યો.

એક વિચિત્ર પ્રકરણ આ વિરોધ સાથે શરૂ થયું. સંઘ મહાજનની પવિત્ર પરંપરા અનુસાર, જાહેરમાં થયેલી મોટી ભૂલની ક્ષમા, જાહેરમાં માફી માંગી લેવાથી ચર્ચા પર વિરામ મૂકાઈ જાય છે. **શેઠ અંબાલાલ,** માફી માંગી લેશે તે સૌની સાહજીક અપેક્ષા હતી. પોતે જે કર્યું અને પોતાના કૃત્યનો જે રીતે વિરોધ થયો તેની ઉપર વિચાર કર્યા બાદ, **શેઠ અંબાલલનો** જીવ બળવા લાગ્યો હતો. તેઓ માફી માંગી લેત તો પ્રશ્ન, પ્રશ્ન ન રહેતાં એક દુ:ખદ ભૂતકાળ બની જાત. અજબની વાત એ બની કે તેમણે માફી તો ન જ માંગી બલ્કે પોતાના કૃત્યનો તેમણે બચાવ કર્યો. **અંબાલાલ શેઠે** પોતાની ભૂલના સમર્થનમાં દલીલો રજૂ કરી. એટલું જ નહીં, 'પોતે જે કર્યું તે ભૂલ નથી બલ્કે જરૂરી કર્તવ્ય છે' - તેવું પ્રતિપાદન પણ કર્યું. હચમચાવી નાંખે તેવી વાત એ હતી કે **અંબાલાલ શેઠને** અહિંસાના ફિરસ્તા શ્રીમાન્ ગાંધીનું સંપૂર્ણ સમર્થન મળ્યું હતું.

**આ રીતે ફરી એક વાર શ્રી રામવિજયજી મ. અને ગાંધી આમને સામને આવી ગયા હતા. અંબાલાલ શેઠ, પોતે કૂતરા મરાવી નાંખ્યા તેનો પસ્તાવો અનુભવતા હતા. એ પસ્તાવાની મનોવેદના શાંત કરવા તેઓ ગાંધી પાસે ગયા હતા. ગાંધીએ તેમને એવો દિલાસો આપ્યો હતો કે 'કૂતરાઓને મારી નાંખવાનો એક માત્ર માર્ગ જ બચ્યો હતો, એટલે એ પ્રવૃત્તિને પાપજનક માનવાની જરૂર નથી.' ગાંધીની વાત સાંભળ્યા બાદ અંબાલાલ શેઠને પોતાના આચરણ માટે, આત્મવિશ્વાસ આવી ગયો હતો. આટલું ઓછું હોય તેમ અંબાલાલ શેઠે કરેલ હત્યાકાંડનો ગાંધીએ 'નવજીવન'માં બચાવ કર્યો.**

વાત એમ બની કે-પર્યુષણ દરમ્યાન શ્વાનહત્યા થઈ ચૂકી હતી. ભાદરવા સુદ સાતમે આ વાત અમદાવાદમાં ફેલાઈ ગઈ. **શ્રી રામવિજયજી મ.** એ આ પ્રવૃત્તિનો જોરદાર વિરોધ કર્યો. જીવદયાને મામલો હતો તેથી આ કામ માટે જ એક સંગઠન બન્યું. નામ: 'શ્રી જીવદયા પ્રચારિણી મહાસભા.' **ભોગીભાઈ ભૂધરભાઈ** આ સભાના મંત્રી બન્યા. તેઓ **મુનિશ્રી** અને **મહાસભા** વતી **અંબાલાલ શેઠને** મળવા માટે **કેલિકોમિલ**માં ગયા.

**શ્રી રામવિજયજી મ.**ની વિરોધ કરવાની શૈલી વિશિષ્ટ હતી. સૌ પ્રથમ, જેનો વિરોધ કરવો છે તે બાબતની સ્પષ્ટ અને સંપૂર્ણ જાણકારી લેવી જોઈએ. થોડોક વખત **ભોગીભાઈ અંબાલાલ શેઠ** પાસે બેઠા. તેમણે જોયું કે **અંબાલાલ શેઠ** શ્વાનહત્યાની જવાબદારી પોતાના માથે લઈ રહ્યા છે. તેમણે **અંબાલાલ શેઠને** સમજાવ્યું કે 'જે થયું તે ખોટું થયું છે.' એક જાહેરપત્રમાં નિવેદન રૂપે જો **અંબાલાલ શેઠ** માફી માંગી લે તો. ઘટનાની તીવ્રતા ઓછી થઈ જાય.' મુલાકાત પૂરી થઈ ગયા બાદ, માફી માંગવા અંગેનો અધિકૃત પત્ર પણ તેમણે મોકલ્યો. આ પત્રના જવાબમાં **અંબાલાલ શેઠ** માફીનો પત્ર મોકલી આપશે એવી ધારણા હતી. એ પત્ર આવી જાય એટલે એની જાહેરાત કરી દેવાય. ખોટો દાખલો બેસવાનો હતો તે ન બેસે. એ રીતે પ્રશ્ન પતી જાય. **અંબાલાલ શેઠે** જવાબમાં માફી માંગી જ નહીં. જવાબ આવ્યો પણ ક્ષમાયાચનાને બદલે તેમાં બીજી જ કોઈ રજૂઆત હતી.

**અંબાલાલ શેઠે** લખ્યું હતું કે 'તમારો પત્ર વાંચીને એટલું તો સમજાય છે કે-સભાને અને તમારા જેવા સજ્જનોને મારી પ્રવૃત્તિથી કેવો આઘાત લાગ્યો હશે ? મને તેનો ખેદ છે. પરંતુ એક વાત એ પણ છે કે જે મારે કરવું પડ્યું તે મારું કર્તવ્ય હતું. મારા કર્તવ્યનું પાલન મેં કર્યું તેનો મને કોઈ ખેદ નથી. એ પ્રકારનો ખેદ હું પ્રકટ ના કરી શકું.'

વિરોધ કરતાં પૂર્વે, બીજી બાબત એ યાદ રાખવી જોઈએ કે જેના દ્વારા ભૂલ થઈ છે તેનું માનસ, એ ભૂલ અંગે કઈ દિશામાં ચાલી રહ્યું છે. ભૂલ કરનાર પોતાની ભૂલને ભૂલ ન માનતો હોય તો વિરોધ અનિવાર્ય બની જાય છે. **અંબાલાલ શેઠ** પોતાના દ્વારા થયેલી શ્વાનહત્યાને વ્યાજબી ઠેરવી રહ્યા હતા. આ ભારે આશ્ચર્ય હતું. એ માફી માંગવા તૈયાર નહોતા. ત્રીજી બાબત, વિરોધ કરતી વખતે એ વાત ચકાસી લેવી જોઈએ કે, તે ભૂલ કરનારને કોનો કોનો સહયોગ મળેલો છે. **અંબાલાલ શેઠને ગાંધીનો** ટેકો હતો. જો **ગાંધી** ટેકો ન આપે તો **અંબાલાલ શેઠ** પોતાની વાત પડતી મૂકે તે દેખાતું હતું. **અંબાલાલ શેઠ** અમદાવાદમાં મોટા શ્રીમંત જૈન હતા. તેમણે જે કર્યું તેનું અનુકરણ અન્ય કોઈ ન કરે તે જોવું જરૂરી હતું. **અંબાલાલ શેઠ ગાંધીની** વાતમાં આવીને, હિંસાને હિંસા ન માને અને હિંસાને કર્તવ્ય જ માની લે, તે કોઈ રીતે ઉચિત જણાતું નહોતું.

'જીવદયા પ્રચારિણી સભાએ'-**ગાંધી**ને પત્ર લખ્યો. ખુલાસો એવો માંગ્યો કે-**અંબાલાલ શેઠે** પોતાની મિલમાં શ્વાનહત્યા કરાવી. આ અંગે તેમને પસ્તાવો થયો. તેઓ તમને મળ્યા. તમે તે શ્વાનહત્યાને કર્તવ્ય લેખાવીને એમ જણાવ્યું કે 'આમાં કોઈ પાપ નથી, તેથી પસ્તાવો રાખવાની જરૂર નથી.' તમારી રજૂઆતને લીધે **અંબાલાલ શેઠ** પોતાની ભૂલને, ભૂલ તરીકે સ્વીકારવા તૈયાર નથી. આમાં ખરેખર, આપનું મંતવ્ય શું છે તે જાણવાની ઈચ્છા છે. જો **અંબાલાલ શેઠે** ભૂલ કરી છે તો તેમની પ્રવૃત્તિને અનુચિત પ્રવૃત્તિ તરીકે ઓળખાવો. જો તમારી દૃષ્ટિએ તેમની પ્રવૃત્તિમાં ભૂલ જેવું કાંઈ જ નથી તો તે બાબત સ્પષ્ટ કરી દો. અમે સૌ તો **અંબાલાલ શેઠ**ની પ્રવૃત્તિને અનુચિત માનીએ છીએ. આ શેઠજી તમારું(=ગાંધીનું) નામ વાપરીને પોતાની અનુચિત પ્રવૃત્તિને ઉચિત ઠેરવવાની પેરવી કરી રહ્યા છે.'

ગાંધીને આ પત્ર મળ્યો. તેમણે આનો વ્યક્તિગત જવાબ ન આપ્યો.

**ઈ.સ. ૧૯૨૬, ૧૦ ઓક્ટોબર 'નવજીવનમાં' તેમણે 'જીવદયા પ્રચારિણી સભા'નો પત્ર છાપ્યો. સાથોસાથ પોતાની ટિપ્પણીઓ દ્વારા તેમણે અંબાલાલ શેઠની તરફેણ લઈને લખ્યું.** લેખનું મથાળું હતું. 'આ તે કેવી જીવદયા ?'

***ગાંધીએ** રજૂ કરેલા મુદ્દા આ મુજબ હતા.*

*૧. જીવદયા આત્માનો મહાન્ ગુણ છે; થોડીક કીડી, થોડીક માછલી અને થોડાક કૂતરાઓને બચાવવા પૂરતી એ સીમિત ન હોઈ શકે.*

*૨. હડકાયેલા કૂતરાઓને સમાપ્ત કરવા તે અલ્પમાં અલ્પ હિંસા છે. જે હડકાયેલા કૂતરાને મારે છે તે પાપ કરે છે. જે આવા કૂતરાને નથી મારતો તે મહાપાપ કરે છે.*

૩. *અપૂર્ણ મનુષ્ય પાસે, કૂતરાને મારી દેવા સિવાય બીજો કોઈ જ ઉપાય નથી. પાગલ કુત્તાને ભોજન દેવું એ મહાપાપ છે.*

૪. *જે કૂતરા હડકાયા થઈને શહેરમાં ભટકી રહ્યા છે. બીજા સાજા ન કરવા કૂતરાને કરડી રહ્યા છે એમને પણ મારી નાંખવા જોઈએ.*

૫. *મારા ભત્રીજાએ એક સાપને મારી નાંખ્યો. એણે મને કહ્યું કે 'જો હું સાપને ન મારી નાંખું તો એ ગાયોના ઝૂંડને ડંખી લેવાનો હતો.*

*મેં તેને કહ્યું કે તેં યોગ્ય કામ કર્યું.*

૬. *વાંદરાઓને ખાવાનું આપીઆપીને આપણે, જંગલવાસીમાંથી શહેરવાસી બનાવી દીધા છે. તેઓ હવે નાગરિકોને હેરાન કરે છે. આ પ્રકારે વાંદરા થકી જે હિંસાથાય છે તેનું પાપ, તેને ખવડાવનારને લાગે છે.*

૭. *કોઈ વ્યક્તિનું અડધું ગળું કપાઈ ગયું હોય અને એ મને કહે કે મારું શેષ અડધું ગળું કાપી નાંખો તો મારો છૂટકારો થાય. આ પરિસ્થિતિમાં મારો ધર્મ મને એમ જ કહેશે કે હું ચાકુ લઈને તેનું અડધું ગળું કાપી નાંખું.*

નવજીવનનાં પાનાઓ પર આવી રજૂઆત થઈ તે માન્યામાં ન આવે એવી વાત હતી. ગાંધીને માનનારો વર્ગ પણ આ રજૂઆતથી સ્તબ્ધ થઈ ગયો. *'સર્વસામાન્ય વાચકોમાં ગાંધીના વિચારો સામે નારાજગી ઊભી થઈ.'* ગાંધીને તેની પરવા નહોતી. *તેઓ પોતાના વિચારમાં અડગ હતા.*

'જીવદયા પ્રચારિણી સભા'ના પદાધિકારીઓ - **ગાંધીને** મળવા માટે ગયા. પૂર્વેથી સમય લીધો નહોતો. ૧૨ ઓક્ટોબર, રાત્રે આઠ વાગે મહાસભાના મુખ્ય માણસો **ગાંધીના** નિવાસ પાસે પહોંચી ગયા. ગાંધી સૂવાની તૈયારી કરી રહ્યા હતા. તેમણે પરાણે સમય આપ્યો. એક કલાક ચર્ચા થઈ. ગાંધી તો પોતાની વાતને બરોબર વળગેલા રહ્યા. મુલાકાત એમને એમ પૂરી થઈ ગઈ.

મહાસભાએ મુલાકાતનો અહેવાલ પ્રકટ કર્યો. અમદાવાદમાં તેની ઘણીબધી કોપીઓ ફરતી થઈ ગઈ. **ગાંધીના** વિચારોમાં જીવદયાવિરોધી બાબતો ઘણી છે તે લોકોને જેમ જેમ સમજાતું ગયું તેમ તેમ **ગાંધીવિરોધી** હવા બનતી ગઈ. છતાં એક પ્રચ્છન્ન ચિંતા રહેતી હતી કે કદાચ, **ગાંધી** ખોટા ન પણ હોય. **ગાંધીએ** સમાજ પર છાપ મૂકી હતી તે જોતાં આ ચિંતા સહજ હતી. **ગાંધીને** લીધે શ્વાનહત્યા, વાનરઉપેક્ષા જેવા જીવદયાવિરોધી મુદ્દાઓને મહત્ત્વ મળી જાય તો સંસ્કૃતિને નુકશાન થઈ જાય. આ કારણે **શ્રી રામવિજયજી મ.** એ પોતાનાં વ્યાખ્યાનમાં **ગાંધીના** લેખની, લીંટીએ લીંટી વાંચવાપૂર્વ સમીક્ષા શરૂ કરી.

**શ્રી રામવિજયજી મ.**ની સભામાં હજારો શ્રોતાઓ ઉપસ્થિત રહેતા. તેમણે કરેલ વિરોધની ચર્ચા ગુજરાતમાં ફેલાઈ. **ગાંધીને** ખબર પડી. આત્મસંયમી મનાતા **ગાંધીએ** આ વિષયનું સ્પષ્ટીકરણ કરવા માટે 'નવજીવન'માં **૧૭** લેખોની શૃંખલા ચાલુ કરી, એની જાહેરાત પણ કરી. 'નવજીવન' ૧૭ ઓક્ટોબર, ૧૯૨૬માં **ગાંધીની** લેખમાળાનો પહેલો મણકો છપાયો. **શેઠ અંબાલાલ સારાભાઈએ,** મહાસભાને જવાબ આપવા માટે એક પુસ્તિકા છપાવડાવી. તેમાં પોતાનું કૃત્ય વ્યાજબી છે અને પોતાનો વિરોધ કરનારા લોકો અહિંસાનો વિધ્વંસ કરી રહ્યા છે તેવી રજૂઆત વાંચવા મળી. અમદાવાદનું વાતાવરણ, દાવનળની જેમ સળગી ઉઠ્યું. પેઢીએ પેઢીએ, ગલીએ ગલીએ, ચોરે અને ચૌટે તેમ જ ઘેર ઘેર ચર્ચા ચાલી કે **અંબાલાલશેઠ** અને **ગાંધીના** વિચારોને ટેકો ન જ આપી શકાય.

**શેઠ અંબાલાલ:** સારાભાઈ ટેક્સ્ટાઈલ્સ, કેલિકો ટેક્સ્ટાઈલ મિલ્સ, સારાભાઈ કેમિકલ્સ, જેવી અનેક કંપનીઓના સ્થાપક હતા. સ્વાતંત્ર્યસંગ્રામમાં તેમનું ખાસ્સુબધું યોગદાન હતું. ગાંધી જ્યારે આર્થિક ભીંસમાં હતા ત્યારે અંબાલાલ

શેઠે તેમના આશ્રમને સારી એવી સખાવત આપી હતી. ગાંધી તેમના એ સહકારને ક્યારેય ભૂલી શક્યા નહોતા. તેમણે અમદાવાદ મિલમાલિકોમાં એસોસિએશનનું અધ્યક્ષપદ પણ સંભાળ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેમને મેમ્બર બનાવવામાં આવ્યા હતા. તેમને આઠ સંતાન હતા. તેમની પત્ની સરલાદેવી, મારિયા મોંટેસરીથી અત્યંત પ્રભાવિત હતા. બ્રિટીશ સરકારે અંબાલાલભાઈને 'કૈસર-એ-હિંદ'ની પદવી ઈનાયત કરી હતી, પરંતુ તેમણે તેનો અસ્વીકાર કર્યો હતો. કેમ કે તેઓ બ્રિટીશ હકુમત ભારતમાં રહે તેની વિરૂદ્ધમાં હતા. સારાભાઈ પરિવારની અઢાર નાની મોટી કંપનીઓ હતી. આ ઔદ્યોગિક સામ્રાજ્ય અંબાલાલભાઈ અને એમના બંધુ વિક્રમ સારાભાઈનાં હાથમાં હતું. ભારત દેશની આ વિચિત્ર સચ્ચાઈ હતી કે સારાભાઈ પરિવાર જેવા ભારતીય શ્રીમંતો, અંગ્રેજોને ભારતમાંથી કાઢી મૂકવા ઉત્સુક હતા અને સાથોસાથ જ અંગ્રેજી સંસ્કૃતિને છોડવા તૈયાર પણ ન હોતા.

શ્વાન હત્યાનો મુદ્દો, તેમની માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો. અમદાવાદની અને ગુજરાતની પ્રજા શ્વાનહત્યાને સ્વીકાર્ય લેખે તે સંભવિત નહોતું. **અંબાલાલભાઈએ** શ્વાનહત્યાને કાયદાકીય માન્યતા આપવાનું વિચાર્યું અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શ્વાનહત્યા સંબંધી ખરડો દાખલ કરવાની તજવીજ શરૂ કરી. એવો કાયદો બને કે 'સંપૂર્ણ અમદાવાદમાં જ્યાં જ્યાં રખડતા કૂતરા હોય તેની પણ સરેઆમ કતલ કરવી.' - એ હતો જૈન ઉદ્યોગપતિનો પ્રયાસ.

જો આ કાયદો અમદાવાદ મ્યુનિસિપલમાં દાખલ થઈ જાય તો વિરોધનું વંટોળ વ્યર્થ સાબિત થઈ જાય. આ ઠરાવ આ રીતે પસાર થઈ જાય, સ્વીકાર્ય બની જાય તે માટે એમણે બધી જ લાગવગ કામે લગાડી દીધી. ગમે ત્યાંથી આ વાત ફૂટી ગઈ આવો ઠરાવ થવાનો છે, એવું જનતાની જાણમાં આવી ગયું. સત્તા સામેનું શાણપણ, કેટલું કામ કરે એ સવાલ હતો, તોય સામાન્ય જનસમાજમાં આ અંગેની જાગૃતિ આણવી જરૂરી હતી. 'દયા પ્રચારિણી સભા' કામે લાગી ગઈ. ૭ નવેમ્બરે ઠરાવ રજૂ થવાનો હતો. આગલા દિવસે સાંજે માણેકચોકમાં જંગી સભા રાખવામાં આવી. 'કૂતરાને મારવાનો કે કૂતરાને ખસી કરવાનો ઠરાવ મ્યુનિસિપાલિટીએ ન કરવો જોઈએ' - એવો એક ઠરાવ કરવામાં આવ્યો. આ ઠરાવ સર્માનુમતે પસાર થયો. એની નકલ અમદાવાદ મ્યુનિસિપાલિટીને મોકલવામાં આવી.

મ્યુનિસિપાલિટીની બેઠકમાં - એ ઠરાવ પર ધ્યાન ન અપાયું. **અંબાલાલ શેઠે** શાસક સ્વરાજ્ય પાર્ટીના સહયોગથી મ્યુનિસિપાલિટીમાં શ્વાનહિંસા સંબંધી ઠરાવ પસાર કરાવી દીધો. અત્યારસુધી ગાંધી, શ્વાનહિંસાની તરફેણમાં હતા. હવે, અમદાવાદ નગરપાલિકા ખુદ શ્વાનહિંસાની સમર્થક બની ગઈ. આની સામે - જે જરૂરી હતું તે થયું. **શ્રી રામવિજયજી મ.**નું માર્ગદર્શન, અને વ્યાખ્યાન, બન્નેયનો પૂરેપૂરો આધાર મેળવીને, 'જીવદયા પ્રચારિણી સભા' કામે લાગી. સેક્રેટરી ભોગીલાલ ભૂધરભાઈએ ઘણી બધી મહેનત કરી. પરિણામે, શ્રી મસ્કતી માર્કેટ મહાજનની બેઠક બોલાવાઈ. સૌનો સૂર એક જ નીકળ્યો કે 'આ ઠરાવ ગલત છે.' રાવબહાદુર શેઠ મોહનલાલ લલ્લુભાઈની આગેવાની હેઠળ નિર્ણય થયો કે શરદપૂનમે શહેરમાં હડતાળ પાડવી તેમ જ તે રાત્રે **માણેકચોકના** તિલક મેદાનમાં વિરોધસભા રાખવી.

હવે ચક્ર ગતિમાન થયું. **મણિલાલ તેલીએ,** એક રેક્વિઝીશન તૈયાર કરાવડાવ્યું. તેઓ જીવદયાપ્રેમી નગરસેવક હતા. બે કાઉન્સિલર્સ તૈયારીમાં લાગ્યા: શકરાભાઈ લલ્લુભાઈ અને સુખલાલ કેવળદાસ. તેમને ત્રીસ કાઉન્સિલર્સની સહી મળી. શહેરના તમામ મજૂરોએ શરદપૂનમે હડતાળ પાળવાની જાહેરાત કરી દીધી.

**શ્રી રામવિજયજી મ.**નાં વ્યાખ્યાનોએ વિચારની આંધી જગાડી. વાસ્તવિકતા શું છે અને વાસ્તવિકતાનાં નામે શું રજૂ થઈ રહ્યું છે. તેની છણાવટ થતી રહી. અમદાવાદને સમજાયું કે 'અહિંસાવાદી ગાંધી અને જૈન સંઘના મોવડી અંબાલાલ શેઠ, શ્વાનહિંસાનો પ્રચાર કરવા માંગે છે અને એ રીતનો પ્રચાર કરવો તે અધર્મ છે.' અમદાવાદની ગલીમાં રખડતા હજારો કૂતરાઓને ખબર નહોતી કે 'કૂતરો' આ શબ્દ આદર પામી રહ્યો હતો. કૂતરાને મરાય નહીં - આ એકમાત્ર મુદ્દાને લઈને એક વિરાટ આંદોલન ખડું થઈ રહ્યું હતું. આ મુદ્દો રાજનીતિની સરાણે પણ ચડ્યો હતો.

'નિયત શ્વાનહિંસા આવશ્યક છે', તેવું પ્રતિપાદન કરી રહેલા ગાંધીના લેખો **'નવજીવન'**ની ચાલીસ હજાર કોપીઓ દ્વારા દૂરસુદૂર સુધી પહોંચી રહ્યા હતા. એક તરફ આ ઘટના હતી. બીજી તરફ એમના એ લેખોને હાથમાં લઈને એક એક લીટીની ભૂલની જાહેરમાં સમીક્ષા કરી રહ્યા હતા. **શ્રી રામવિજયજી મ. : ગાંધી** સ્વતંત્રતાની લડત લડી રહ્યા હતા. ગાંધીની સાથે રહે તે ભારતદેશની સેવા કરે છે અને ગાંધીની સાથે ન રહે તે ભારતદેશનું અપમાન કરે છે - આવું સમીકરણ રચાઈ ચૂક્યું હતું. તેની પરવા કરવાની નહોતી. **ગાંધી** જે કરે તે ભારત સેવા, **ગાંધી** જે કહે તે ભારતીયતા, આવું સમીકરણ પણ રચાઈ રહ્યું હતું. ગાંધી જો શ્વાનહિંસાનું સમર્થન કરે છે તો એમાં પણ ભારતદેશનું ભલું થતું હશે કે થશે, આવું ભલાભોળા લોકો માની લેવાના હતા. **ગાંધીને** અને **ગાંધીવાદીઓને** આ અભીષ્ટ હતું. **ગાંધી,** ભારતવિરોધી માનસ ધરાવતા હતા એવું પણ નહોતું. ગાંધી દેશવિદેશના સીમડા રાખ્યા વગર વિચારતા રહેતા. તેમણે જે દષ્ટિકોણ બનાવી રાખ્યો હતો તેના આધારે તેઓ પ્રતિપાદન કરતા. ભારતીય પરંપરામાં અમુક બાબતો ખોટી છે અને અભારતીય પરંપરામાં અમુક બાબતો સારી છે - આવું તેઓ બોલતા અને લખતા. અહિંસા જેવા વિષયપર તેઓ પોતાની અંગત દષ્ટિથી જે બોલતા કે લખતા તેનું અનુસરણ ભારતીય પ્રજા કરે તેવી એમની અપેક્ષા રહેતી. ભારત જો પરાધીન બન્યું તો ભારતમાં ચાલી આવતી ગલત બાબતોને લીધે, આવું તેમનું મંતવ્ય હતું. આ અર્થમાં તેઓ એમ જ માનતા હતા કે શ્વાનહિંસા જેવી બાબતોમાં તેઓ જે કરે છે, કરાવે છે તે ભારતની સેવા છે. તેમના અનુયાયીઓ પણ આમ જ માનતા હોય તે સ્વાભાવિક હતું.

**ગાંધી** જે કહે છે તે ભારતદેશની પરંપરાને અનુકૂળ નથી' એવું કહેવાનો સમય પાકી ગયો હતો, માટે **શ્રી રામવિજયજી મ.** એ અવાજ ઉઠાવ્યો હતો અને પ્રબુદ્ધ જૈનોનો એક વિશાળ વર્ગ, **શ્રી રામવિજયજી મ.**ની રજૂઆતોને ગુજરાતવ્યાપી તેમ જ ભારતવ્યાપી બનાવવા માંગતો હતો. ગાંધી વાહન વાપરતા, દેશ વિદેશમાં ફરતાં તેથી તેમનો વર્ગ વિશાળ હતો. **શ્રી રામવિજયજી મ.** પદયાત્રી હતા. એક જગ્યાએ રોકાયા હોય તો એટલા જ વિસ્તારમાં વિચરણ થાય. એમનું વર્તુળ ગાંધી જેટલું મોટું ન જ હોય એ સ્વાભાવિક હતું.

એક ઉમદા વિચારની પોતાની શક્તિ હોય છે. એ પોતાનો અવાજ બરોબર ફેલાવે છે. એનો સ્વીકાર બધા જ કરે તે જરૂરી નથી. એ વિચાર પોતાનું વજન બનાવી લે છે તેમાં કોઈ શક નથી. **અંબાલાલ શેઠનો** પ્રસ્તાવ, ઠરાવ બની ચૂક્યો હતો.

'જીવદયા પ્રચારિણી સભા'એ **અમદાવાદની** પોળેપોળના ઘરેઘરે સ્વયંસેવકોને મોકલ્યા. તેમના હાથે સૌને ફૉર્મ પહોંચ્યા એમાં મજકુર ઠરાવનો અસ્વીકાર કરવાપૂર્વક અરજી કરવામાં આવી હતી કે મ્યુનિસિપાલિટી આ ઠરાવને રદ્દ કરે. ઘેરઘેરથી આ ફોર્મ પર સહી લેવાનું અભિયાન ચાલ્યું. હજારો અરજીપત્રો ભેગા થઈ ગયા. તે મ્યુનિસિપાલિટીની ઓફિસમાં જમા કરવામાં આવ્યા. મોટા થપ્પાઓ ખડકાઈ ગયા હતા. ફૉર્મના. તત્કાળ મિટીંગ રાખવામાં આવી મ્યુનિસિપાલિટીના અધ્યક્ષ **વલ્લભભાઈ પટેલ** સ્વયં હાજર રહ્યા. તેમણે ગુપ્તમતદાનનો પ્રસ્તાવ મૂક્યો. 'જેને શ્વાનહિંસાનો ઠરાવ મંજૂર હોય તો સમર્થનમાં મત આપે, જેને શ્વાનહિંસાનો ઠરાવ નામંજૂર હોય તે વિરોધમાં મત આપે', તેવી જાહેરાત થઈ. મતદાન ગુપ્ત રહેશે તેવો ખુલાસો પણ થયો. આસો સુદ પૂનમની સાંજે ચાર વાગે શરૂ થયેલ બેઠકનું વાતાવરણ તંગ હતું. શરૂઆતમાં થોડીક બોલાચાલી પણ થઈ હતી. કાર્યવાહી જોવા માટે દોઢહજારથી બેહજાર લોકો ઉપસ્થિત હતા. મોટા ભાગના લોકો શ્વાનહિંસાનો વિરોધ કરવા જ આવ્યા હતા.

સવારથી, **મસ્કતી માર્કેટ, સૂતર બજાર, એરેંડા બજાર, સાકર બજાર, પાંચકૂવા કાપડ બજાર, શરાફ બજાર, ચોક્સી બજાર, જૂની શેર બજાર, નવી શેરબજાર, ગાંધી બજાર** જેવી તમામ બજારો બંધ રહી હતી. અરે, પાનબીડીની દુકાનો સુદ્ધાં બંધ હતી. ૪૭ સભ્યોએ મતદાન કર્યું. મતદાન ગુપ્ત રીતે થયું હતું. જો મતદાનની બાજી હાર્યા તો શ્વાનહિંસાનો ઠરાવ જીતી જવાનો હતો. જો મતદાનની બાજીમાં જીત મળી તો, શ્વાનહિંસા સંબંધી ઠરાવ પાછો ખેંચી લેવામાં આવશે, તે પણ સૌ સમજતા હતા. ઠરાવ પાછો ખેંચી લેવામાં આવે તે અંગેના હજારો અરજીપત્રો, મ્યુ. દફતરમાં જમા થઈ

ચૂક્યા હતા. બધો મદાર, વોટ્સ પર હતો. મતપેટીમાં સૌએ પોતપોતાના અભિપ્રાય લખીને જમા કર્યા. થોડા જ સમયમાં મતપેટી ખૂલી. મતગણતરી થઈ. સન્નાટો ચીરી નાંખતી જાહેરાત થઈ. શ્વાનહિંસા સંબંધી ઠરાવ રદ્દ થાય તે માટેનું વોટીંગ હતું. ઠરાવ રદ કરવાના સમર્થનમાં ત્રીસ મત પડ્યા હતા. ઠરાવ ચાલુ રહે તેના સમર્થનમાં સોળ મત પડ્યા હતા. એક મત તટસ્થ રહ્યો હતો. મતલબ સ્પષ્ટ હતો. શ્વાનહિંસા સંબંધી ઠરાવ, મ્યુનિસિપાલિટીએ રદ્દ કરી દીધો. અહિંસાદેવીની જીત થઈ હતી. આધુનિકતાની હાર થઈ હતી.

**માણેકચોકમાં** એ જ રાતે જંગી સભા મળી. તેમાં **શ્રી રામવિજયજી મ.** પધાર્યા નહોતા. વિવિધ ધર્મનેતાઓ આવ્યા હતા. સૌની રજૂઆત ગંભીર હતી.

અમદાવાદની હિંદુ મહાસભાના સેક્રેટરી **દોલતરામ જીવણલાલ દવેએ** કહ્યું: જે પ્રાણીને આપણે પેદા કરી શકતા નથી તેનો નાશ કરવાનો આપણને હક જ નથી. પાશ્ચાત્ય કુસંસ્કારના પરિણામે આ સ્થિતિ ઊભી થઈ છે. જે લોકો ધર્મભ્રષ્ટ છે તેઓ તમારું કલ્યાણ કરી શકવાના નથી.

**શ્રી જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણે** કહ્યું: 'અત્યારે ગરીબ કૂતરાં સામે લડત ચલાવવા માટે બુદ્ધનો બીજો અવતાર ગણાતા **મહાત્મા ગાંધી** આગળ આવ્યા છે. **'શ્વાનહિંસા ન કરવી જોઈએ'** - આવો ઠરાવ આજે હું રજૂ કરી રહ્યો છું તે વસ્તુતઃ આખા હિંદુસ્તાનમાં **મહાત્મા ગાંધીએ** રજૂ કરવો જોઈએ. હાલ તેઓ જુદી રીતે વર્તન ચલાવી રહ્યા છે તેનાથી હું દિલગિર છું...'

**'અહિંસા પરમો ધર્મઃ'** એ કેવળ જૈનોનો નહીં, બલ્કે વૈષ્ણવો અને સ્વામીનારાયણોનો પણ આદર્શ છે. **અંબાલાલ શેઠે** કૂતરાઓને સાંકળે બાંધવા હતા અથવા મહાજનને સોંપવા હતા. તેમને પસ્તાવો થયો તો તેમણે પ્રાયશ્ચિત માટે અહિંસાના ખરા ઉપાસક **નેમવિજય** કે **રામવિજય** પાસે જવું હતું. તેઓ **ગાંધી** પાસે ગયા. **ગાંધી** તો કૂતરાને નહીં મારવામાં મહાપાપ બતાવે છે. રસ્તે રખડતા કૂતરાઓને રોટલો નાંખવામાં તેઓ પાપ સમજે છે. ગાય અને કૂતરાને રોટલી નાંખ્યા બાદ જ આપણે ખાવાનું છે - આ આપણો સિદ્ધાંત છે. ગાંધી આ મૂળ સિદ્ધાંતને કાઢી નાંખી નવો સિદ્ધાંત દાખલ કરવા માંગે છે.'

રાતે દસ વાગે સભા પૂરી થઈ હતી. **ગાંધીનો** અહિંસા સંબંધી વિચાર દલીલોની માયાજાળથી ગૂંથાયેલો રહ્યો. સાચી વાત એ હતી કે શ્વાનને અધૂરા આયખે મારવાનું તેમને ઉચિત લાગતું હતું. શ્વાન સહજ મૃત્યુએ મરે તે કુદરતી વ્યવસ્થા ગણાય. અન્ય રીતે મરે તે અકુદરતી ઘટના કહેવાય. **અમદાવાદની નગરપાલિકા, ગાંધી** અને **અંબાલાલ શેઠને** આ અકુદરતી ઘટના પાપ લાગી નહોતી. સંઘ અને સમાજને જગાડવામાં ડહેલાના ઉપાશ્રયેથી **શ્રી ધર્મ વિજયજી મ.,** લુહારની પોળેથી **શ્રી સિદ્ધિવિજયજી મ., શ્રી બુદ્ધિવિજયજી મ.** એ પણ રંગ રાખ્યો હતો. અમદાવાદમાં મ્યુનિસિપાલિટીનાં સ્તરે થયેલો ઠરાવ જો આ રીતે રદ્દ ન થાત તો અન્ય શહેરોની મ્યુનિસિપાલિટી તેનું અનુકરણ કરત જ. અમદાવાદમાં થયેલો ઠરાવ અમદાવાદની પ્રજાએ રદબાતલ કરાવ્યો તેના પરિણામે અન્ય શહેરોમાં ક્યાંય, ક્યારેય આવો ઠરાવ થઈ શક્યો નહીં.

ગાંધી સાથે વિચાર ઐક્ય બાંધ્યું હોવાથી કે પછી પોતાની રીતે વિચારવાનો આત્મવિશ્વાસ દ્રઢ હોવાને કારણે અંબાલાલ સારાભાઈએ પોતાનો વિચાર બદલ્યો નહીં ઉપરથી તેઓ જે સંઘના સભ્ય હતા તેમાંથી રાજીનામું આપીને છૂટા થઈ ગયા. તે સંઘના એક બે આગેવાનોને લાગ્યું કે અંબાલાલ સારાભાઈ સંઘમાં હોવા જોઈએ. તેમને ફરીથી સંઘમાં રહેવા માટે સમજાવવા જવું જોઈએ. એ અંગે અભિપ્રાય લેવા તેમણે **શ્રી રામવિજયજી મ.**ને પૂછ્યું, જેમણે જવાબમાં સ્પષ્ટ જણાવ્યું કે 'જેને તમારે સંઘ બહાર મૂકવા જોઈ તે પોતાની જાતે સંઘ બહાર થયા છે. એમને મનાવવા જશો તો આગળ જતાં ફરી કંઈ પ્રશ્ન ઊભા કરશે, ત્યારે શું કરશો ? આગવાનોએ અંબાલાલ સારાભાઈ પાસે જવાનું માંડી વાળ્યું.

**ગાંધી** સાથેનો વિચારભેદ, વ્યક્તિગત વિદ્વેષ ન બને તેની ભૂમિકા, **શ્રી રામવિજયજી મ.**એ મનોમન સ્પષ્ટ રાખી હતી. **ગાંધી** તેમની જગ્યાએ, જેની માટે, જે રીતે, જે કાંઈ કરે તેની સાથે જૈન સાધુને શું લેવા દેવા? જો **ગાંધી** જૈન સિદ્ધાંત માટે કોઈ ટિપ્પણી કરે તો તે માટેનો અધિકાર **ગાંધીનો** ના હોઈ શકે. આ અંગે **શ્રી રામવિજયજી મ.** સ્પષ્ટ હતા અને **ગાંધીને** પણ આ રીતે સ્પષ્ટ રાખવા માંગતા હતા.

**ડો. બલવારી કાનૂગા, શ્રી રામવિજયજી મ.** ને આ દિવસો દરમ્યાન મળવા આવ્યા હતા. તેઓ **ગાંધીના** અનુયાયી હતા. તેમની સાથેનો સંવાદ, પરીક્ષા જેવો હતો. **શ્રી રામવિજયજી મ.** તો પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થવા જ જનમ્યા હતા.

**'ગાંધીજી** આપના વ્યાખ્યાનમાં આવવા માંગે છે. આપ અનુમતિ આપશો ? **કાનુગાએ** કહ્યું હતું.

**'ગંધી** જો શ્રોતા તરીકે આવે તો વાંધો જ નથી. અહીં તો સૌની માટે, અભંગદ્વાર છે. જો તેઓ, નેતા તરીકે મને કે સંઘને સમજાવવા માટે, સંબોધવા માટે આવવાની ઈચ્છા રાખતા હોય તો, મારો ઉત્તર સ્પષ્ટ 'ના' - છે. આ લોકસંપર્કનું માધ્યમ નથી. આ તો ધર્મોપદેશ માટેનું પવિત્ર સ્થાન છે.' મુનિશ્રીનો જવાબ હતો.

'તમે કોની સાથે મતભેદ બનાવ્યો છે, તેનો તમને અંદાજ છે ?' કાનૂગાએ પૂછ્યું તું.

'હું તો સાચાની સાથે છું અને જે સાચું નથી તેનાથી દૂર છું. આ સિવાયનો વિચાર કરવાનો હોય જ નહીં.' - મુનિશ્રીએ કહી દીધું હતું.

'ગાંધી દેશના નેતા છે, જાણો છો ?' કાનૂગા પોતાની વાત છોડવા તૈયાર નહોતા. તેમને એમ હતું કે એક વાર ગાંધી આવી જાય તો, ગાંધી વાતાવરણ બદલી શકે છે. મુનિશ્રી આ વાત જાણતા હતા.

**'ગાંધી** તમારા જેવાઓના નેતા છે. અમારા નેતા તો **શ્રી મહાવીરસ્વામી ભગવાન્** છે.' મુનિશ્રીનો એકે એક શબ્દ સ્પષ્ટ હતો.

'આ મતભેદની કિંમત તમારે ચૂકવવી પડશે.' તેની ચિંતા રાખજો. અંતે ડૉ. કાનૂગાએ બોલી નાંખ્યું હતું.

'અમારે શાની ચિંતા હોય ? અમારે ન તો ઘર છે, ન કુટુંબ છે. તમારા નેતાને માથે ટોપી છે. અમારા માથે તો ટોપી પણ નથી.' **શ્રી રામવિજયજી મ.** એ, ટોપી-શબ્દનો વ્યાપક અર્થ એક જ વાક્યમાં ખુલ્લો કરી દીધો હતો.

**ડો. કાનૂગા** વાપિસ ગયા. એ દિવસોમાં ગુજરાત વિદ્યાપીઠ માટે, માતબર ફંડ એકઠું કરવા, **ગાંધીના** નિર્દેશ અનુસાર, **વલ્લભભાઈ પટેલ** ગતિશીલ બન્યા હતા. શ્વાનહત્યા અંગેના **ગાંધીના** વિચારો ગલત છે, તેની જાણકારી લગભગ આખા ગુજરાતને મળી ગઈ હતી. બન્યું એવું કે ગાંધી જેવા **ગાંધીને,** જનતાએ ફંડફાળો આપવાનું સુદ્ધાં ટાળી દીધું હતું. **ડો. કાનૂગાને** આનો જ અફસોસ હતો.

**ગાંધીનાં** નિરૂપણમાં જૈનધર્મ સંબંધી કે અહિંસા સંબંધી અયોગ્ય રજૂઆત હોય તો એનો ખુલાસો સંઘને અને સમાજને મળવો જોઈએ તેવો અભિગમ હતો **શ્રી રામવિજયજી મ.** નો.

ધર્મ કેવળ ક્રિયા નથી. ધર્મ ક્રિયામાં છે. ધર્મ વિચારધારામાં છે. ધર્મ કરનારે ખોટી ક્રિયા ન કરાય. ધર્મ કરનારે ખોટો વિચાર પણ ન કરાય. કોઈ ખોટી ક્રિયા કે ખોટો વિચાર, ધર્મનાં નામે શરૂ થઈ ન જાય, તેનું ધ્યાન, શ્રમણસંઘે રાખવાનું હોય છે. કોઈનો વિરોધ કરવો, તે વિરોધ દ્વારા પોતાની બહાદુરી સાબિત કરવી અને તે રીતે એક અલગ પ્રકારની પ્રસિદ્ધિ હાંસિલ કરવી - આવું લક્ષ્ય રાખ્યું જ નહોતું. **ગાંધી** માટે, **ગાંધીના** અનયુવાયીઓ માટે અને સંઘ-સમાજના શ્રોતાઓ માટે એકસરખો કરુણાભાવ હતો. પગમાં વાગેલો કાંટો કાઢી આપે, એવી કરુણાનો ભાવ. અસ્તુ.

# દીક્ષાયુગ પ્રવર્તક:

## (૨૧)

### વિ.સં. ૧૯૮૨ ફાગણ સુદ ત્રીજઃ

### વિ.સં. ૧૯૮૩ મહા વદ છઠઃ

વિ.સં. ૧૯૮૨માં જ્ઞાનપાંમનો દિવસ. ચાતુર્માસનો મહત્ત્વપૂર્ણ દિન. ગણ્યા ન ગણાય એટલા પૌષધ થયા. આવશ્યક ક્રિયાઓ પછીનો સમય, આરાધકોમાં મંગલ વાર્તાલાપનું નિર્માણ કરી રહ્યો હતો. મફતભાઈ આવ્યા **શ્રી પ્રેમવિજયજી મ.**ની સમક્ષ. સાથે હતા નાનશા. વ્યાખ્યાન ન આપે અને વ્યાખ્યાનથી વધારે બળુકી વત્સલપ્રેરણા આપે તે **શ્રી પ્રેમવિજયજી મ.** એમણે પૂછ્યું:

'આજે એક સવાલનો જવાબ આપી દો. તમારે ક્યાં સુધી સંસારમાં રહેવું છે? આત્મા માટે કંઈક કરવું હશે તો સંસાર છોડવો જ પડશે. ઘેર બેઠાં કાંઈ ધર્મ થાય? જો તમે દીક્ષા લેવાનું વિચારો તો, દીક્ષાધર્મનો'ય ડંકો વાગી જાય...'

**'સાહેબજી!** આપની પ્રેરણા સરમાથા પર. અમે બધા તૈયાર બેઠા છીએ. આ એક **જેસીંગભાઈ** તૈયાર થવાના બાકી છે. આ નીકળે તો અમે બધા સાથે જ નીકળી જઈએ.' જવાબ આવ્યો.

**જેસીંગભાઈ** એટલે અમદાવાદની **હીરાચંદ રતનચંદની** પેઢીના માલિક. મોટાભાઈ **ચીમનભાઈ.** નાના ભાઈ આ **જેસીંગભાઈ.** તેમને ત્રણ જુવાન દીકરા. સૌના લગ્ન બાકી. એમને આગળ ધરીને બીજા બધા છટકી જવા માંગતા હતા. **જેસીંગભાઈ** સાહેબજી સમક્ષ આવ્યા.

'આ બધા મારું બહાનું બનાવીને પોતાને છૂપાવી રહ્યા છે. બધા જાણે છે કે હું એમ કાંઈ નીકળી શકવાનો નથી. એમને દીક્ષા લેવી હોય તો લઈ જ શકે છે ને? મને શું કામ વચ્ચે લાવે છે?' તેઓ બોલ્યા. **જેસીંગભાઈ** એટલે તે જમાનાના કરોડપતિ શેઠ.

'ના, ભાઈ, ના. અમે કોઈ બહાનાં નથી બનાવી રહ્યા. અમે તો તમને જગાડી રહ્યા છીએ. અમે જાગશું તો અમારા ઘરને જગાડીશું. તમે જાગશો તો આખાય શહેરને જગાડશો.' એકથી વધુ પૌષધાર્થીઓ બોલી ઉઠ્યા હતા.

**'શ્રી પ્રેમવિજયજી મ.** આ સાધર્મિકોનો સંવાદ સાંભળી રહ્યા. તેમણે **જેશીંગભાઈ** સામે જોયું અને કહ્યું:

'તમે ભાગ્યશાળી છો, **જેશીંગભાઈ!** આ તમારા કલ્યાણ મિત્રો તમારા નિર્ણય ઉપર પોતાનો નિર્ણય અટકાવીને ઊભા છે. તમે જો સારો નિર્ણય લેશો તો તમને આ બધાના સારા નિર્ણયનું પુણ્ય પણ મળશે. વાણિયો કોઈ દિવસ મોટા સોદાને ગુમાવે નહીં. તમે વિચાર કરવામાં રહેશો તો મોટી તક હાથમાંથી જતી રહેશે.'

**જેશીંગભાઈ**એ વાત સાંભળીને તરત જવાબ ન આપ્યો. વિચારનું ચક્ર ચાલ્યું. એક બે ક્ષણમાં આખી જીંદગીનો હિસાબકિતાબ થઈ ગયો. સાચા અર્થમાં ગંભીર ચિંતન કર્યું. સૌ જોતા રહ્યા. એમ હતું કે ટાળવાની વાત જ આગળ ચાલશે. **શ્રી રામવિજયજી મ.**નું વ્યાખ્યાન ભીતરમાં ઉતારીને બેઠા હતા **જેશીંગભાઈ. શ્રી પ્રેમવિજયજી મ.** નું વાત્સલ્ય એમને આકંઠ આસ્વાદિત હતું. તેમની આંખોમાં એક ચમક આવી. તેમણે હાથ જોડ્યા અને કહ્યું:

'સાહેબજી, બાધા આપી દો. મને પણ અને આ બધાને પણ. આવતી અષાઢ સુદ ચૌદસ સુધી જો દીક્ષા ન લેવાય તો - જ્યાં સુધી દીક્ષા ન મળે ત્યાં સુધી રોજ ચોવિહાર ઉપવાસ કરવા...'

**જેશીંગભાઈ** માથું ઝૂકાવીને ઊભા રહી ગયા. અંગૂઠાની વચ્ચે ચરવળાની દાંડી અને મુહપત્તી હતી. બાકીના પૌષધાર્થીઓના માથાના વાળ જાણે ઊભા થઈ ગયા. એકાએક જ શોરબકોર શરૂ થઈ ગયો. બધા જ બોલવા લાગ્યા:

'અરે, અરે, આવી તે કાંઈ ઉતાવળ હોય? અને, અને - આમ ચોવિહારવાળા નિયમની શું જરૂર છે? આટલી બધી કડકાઈ ન હોય...!'

**જેશીંગભાઈ** મલકાયા. તેમણે **શ્રી પ્રેમવિજયજી મ.**ની સામે જોયું અને કહ્યું:

'આ જોઈ લો, સાહેબજી! મેં તો આપને પહેલેથી કહ્યું હતું - કે આ બધા બહાના બનાવી રહ્યા છે. મારું નામ આગળ ધરીને છટકાવાનો પેંતરો છે આ બધાનો.'

આ વાતને રોકીને **નાનશા** અને **મફતભાઈ** બોલ્યા:

'ના, ના. બહાનાબાજી નથી. ચોવિહારવાળો નિયમ આકરો છે. દીક્ષા ન લેવાય તો ચોવિહાર ઉપવાસ કરવો તેને બદલે એમ રાખો કે દીક્ષા ન લેવાય તો છ વિગઈનો ત્યાગ.'

**જેશીંગભાઈ**નો જવાબ જોરદાર આવ્યો.

'સાહેબ, જે લોકો છ વિગઈનો નિયમ લેવા માંગે છે તેમને છ વિગઈવાળો નિયમ અપી દો. બાકી, મને તો ચોવિહારવાળો જ નિયમ આપો.'

**શ્રી પ્રેમવિજયજી મ.** સાથેનો આ વાર્તાલાપ, સાધારણ હાંસીમજાક જેવી શરૂઆત પછી મજબૂત મંગળ મજાકનાં સ્તરે પહોંચી ગયો. **શ્રી પ્રેમવિજયજી મ.** એ તુરત નિયમ ન આપ્યો. દીક્ષા હોય કે અન્ય કોઈ શુભપ્રવૃત્તિ, મન થાય એટલે એ માટેનો નિયમ આપી દેવો - એવું કરાય નહીં. લાગણીના આવેશમાં લીધેલા નિયમો પાછળથી સાચવવા ભારે પડે છે. નિયમ લેતાં પૂર્વે હજાર વિચાર કરી લેવાય પણ નિયમ લઈ લીધા બાદ એક પણ નબળો સંકલ્પ ન કરાય. આ ધાર્મિક પરંપરા છે. દીક્ષા માટેનો આટલો કઠિન નિયમ લેવાય શી રીતે? આ એક પ્રશ્ન તો હતો જ. નિયમ એવો હતો કે નિયમ આપનારે પણ પચ્ચખાણ આપતા પૂર્વે વિચારવું પડે.

**શ્રી પ્રેમવિજયજી મ.** એ નિયમ આપવાને બદલે ચર્ચા શરૂ કરી. ખરેખર, દીક્ષા લેવાનું શક્ય છે કે નહીં તેની ચર્ચા. દીક્ષા લેવાની પ્રેરણા આપવી તે એક બાબત છે. જે દીક્ષા માટે વિચારી જ ન શકતો હોય તેને દીક્ષા માટે વિચારતો કરવાનો હોય છે પ્રેરણામાં. કોઈ દીક્ષા લેવાની માનસિક તૈયારી બતાવે તેને લાગણીના આવેશમાંથી મુક્ત કરવાનું અનિવાર્ય હોય છે. મનના તરંગોને વશ ન થવું તે ધર્મ છે. ગંભીર વિચાર સુધી પહોંચવું તે ધર્મ છે. **જેશીંગભાઈ** કે **નાનશા** કે **મફતભાઈ** દીક્ષાથી ડરતા હોય તો ગુરુ તે ડરને દૂર કરવા માંગતા હતા. ગુરુ એમને ઉતાવળે દીક્ષા આપી દેવાના પક્ષમાં નહોતા. દીક્ષા તો કઠિન સાધના છે. એની કઠિનતા જીવનપર્યંત ચાલે તેવી ચિરસ્થાયી હોય છે. મન થઈ ગયું એટલે દીક્ષા લઈ લેવાની - આવી કોઈ નીતિ હોઈ ન શકે. દીક્ષા લેવાનું જેને મન થાય તેની પરીક્ષા લેવાનું શરૂ થતું હોય છે. આકરામાં આકરી પરીક્ષા લીધા બાદ ગુરુ દીક્ષાની ભાવનાને સ્વીકૃતિ બક્ષે છે. **શ્રી પ્રેમવિજયજી મ.** એ આ પૌષધાર્થીઓને દીક્ષાની પૂર્વતૈયારી જેવી બાધા આપતાં પૂર્વે પણ ખાસ્સો બધો પરામર્શ કર્યો અને કરાવ્યો. ત્રણેય પૌષધાર્થીઓ પોતાના વિચારમાં પૂરેપૂરા ગંભીર છે તેની ચકાસણી કરી લીધા બાદ ગુરુએ તેમને બાધા આપી.

જોતજોતામાં **જેશીંગભાઈ**નું આત્મચિંતન ઊંચી કક્ષાને સ્પર્શી ગયું. પરિવાર સાથે ઘણોબધો આત્મીય સંવાદ પ્રસ્થાપિત કરીને - નિર્ણય લીધો કે દીક્ષા લેવી જ છે. સૌને-(સંબંધી-સ્વજનોને) વિશ્વાસમાં લઈને તેમણે ગુરુને વિનંતી કરી. ગુરુએ સમય લીધો. છેવટે દીક્ષા માટેનો દિવસ આપ્યો. વિ.સં. ૧૯૮૨ ફાગણ સુદ ત્રીજ. જેવી દીક્ષાની જાહેરાત થઈ, ચારેકોર ધમાસાણ મચી ગયું. અમદાવાદના આગલી હરોળના મહાશ્રીમંત હતા **જેશીંગભાઈ,** દેશ-પરદેશ જોઈ ચૂક્યા હતા. કરોડોનો વ્યાપાર ખેડી ચૂક્યા હતા. તેઓ કોઈની વાતમાં આવીને દીક્ષા લઈ લે એવું તો માની જ ન શકાય. તેઓ દીક્ષા લે તેને લીધે રાજ્યભરમાં દીક્ષાધર્મ વિશે ચર્ચા શરૂ થઈ તે દેખાતું હતું.

અંગ્રેજી સંસ્કૃતિએ ધર્મનું માહાત્મ્ય ઘટાડ્યું હતું. **ગાંધીનો** રાષ્ટ્રવાદ, ધર્મને પહેલાં સ્થાને મૂકવા માટે તૈયાર નહોતો. એટલે કઠિન એવો દીક્ષાધર્મ જોરશોરથી પ્રચાર પામે તે સંભવિત ઓછું જણાતું રહેતું. જેશીંગભાઈ જેવા ઉદ્યોગપતિ દીક્ષા લે તો, રાજ્યમાં અને દેશમાં દીક્ષાનો ડંકો વાગે તે નિશ્ચિત હતું. દીક્ષાને સહજ સ્વીકાર્ય માનવામાં નથી આવતી. આ રીતે વિચારીએ તો દીક્ષાને પ્રચ્છન્ન રીતે અસ્વીકાર્ય લેખવામાં આવે છે. દીક્ષાની વાત થાય એટલે બે અભિપ્રાય એક સાથે સાંભળવા મળે. એક - આમાં આપણું કામ નહીં. બે, આજના જમાનામાં આ ન ચાલે. આની સામે, ચર્ચાઓ કે દલીલોનો ઢગલો ખડકી દો તોય વાત ચાલતી જ રહે છે. જો, દીક્ષા લેનારની રાજીખુશીની ગંજાવર જાહેરાત થતી રહે, કાર્યક્રમો દ્વારા કે અન્ય અન્ય રીતે - તો દીક્ષાર્થીની પ્રસન્નતા જોઈને - તમામ ચર્ચાઓ અને દલીલોના સૂત્રધારોને બોધપાઠ મળી જાય, આ કારણ હોય છે દીક્ષાની ઉજવણીઓનું. ગુરુ જેમ ભક્તનાં મનમાંથી દીક્ષાનો ડર દૂર કરે છે તેમ દીક્ષાના ભવ્ય કાર્યક્રમો, અહોભાવનું નિર્માણ કરવા દ્વારા ઘણા બધાનાં મનમાંથી દીક્ષા સંબંધી ડરને દૂર કરે છે. હજારો વરસોથી દીક્ષાગ્રહણની જે પરંપરા ચાલી આવે છે તેને દીક્ષાની ઉજવણીઓ દ્વારા સજ્જડ ટેકો મળે છે.

**જેશીંગભાઈની** દીક્ષાસંબંધી કાર્યક્રમોએ અમદાવાદના દરેક જૈન સંઘોમાં તેમ જ અમદાવાદની આમજનતામાં સુગંધી વાવંટોળ જેવું વાતાવરણ બનાવી દીધું. ફાગણ સુદ બીજે વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો. રસ્તાઓ પર જાણે કીડિયારું ઊભરાયું. એટલા માણસ કે ગણી ન શકાય. એટલી ભીડ કે સંભાળી ન શકાય. હઠીભાઈની ઐતિહાસિક વાડીએ વરઘોડો ઉતર્યો. આખું ગુજરાત ગાજી ઉઠ્યું. ફાગણ સુદ ત્રીજે દીક્ષા થઈ. લોકો બોલવા લાગ્યા: **શાલિભદ્રની** દીક્ષાની વાર્તા સાંભળી છે, એ દીક્ષા કેવી હશે તેની કલ્પના નહોતી. **જેશીંગભાઈની** દીક્ષા કેવી હશે ! આ મુદ્દો પછી જુદા જ શબ્દોમાં લોકજીભે ચડી ગયો. **જેશીંગભાઈની** દીક્ષા એટલે આજના જમાનાના **શાલિભદ્રની** દીક્ષા. જો કે, સૌ સમજતા હતા કે **શાલિભદ્રની** દીક્ષા સાથે કોઈ તુલના ન હોય. વાત વાતાવરણની હતી. ગજ્જબનું વાતાવરણ બન્યું હતું દીક્ષાનું.

**શ્રી રામવિજયજી મ.**ને આ દીક્ષાએ બીજા શિષ્ય આપ્યા. **શ્રી પ્રેમવિજયજી મ.** એ અને અન્ય વડીલોએ **જેશીંગભાઈને** દીક્ષા બાદ **શ્રી રામવિજયજી મ.**ના શિષ્ય જાહેર કર્યા. નામ: **શ્રી જશવિજયજી મ.: જેશીંગભાઈ**ની સાથે ચીનુભાઈએ પણ દીક્ષા સ્વીકારી હતી તેમનું નામ જાહેર થયું - **શ્રી ચારિત્રવિજયજી મ.** તેઓ પણ **શ્રી રામવિજયજી મ.**ના જ શિષ્ય જાહેર થયા.

અમદાવાદમાં આ દીક્ષાએ આશ્ચર્યની આંધી સર્જી હતી. લોકો એ આશ્ચર્યને પૂરેપૂરું હજમ કરે તે પૂર્વે બીજી બે દીક્ષાઓની જાહેરાત થઈ. દિવસ વૈશાખ સુદ ૬ - દીક્ષાર્થી હતા, માંડવીની પોળના નાનશા અને ફોફલીઆવાડાના - મફતભાઈ. આ બે દીક્ષાઓ પણ ખૂબ ગાજી. હઠીભાઈની વાડીમાં જ દીક્ષા થઈ. બેય મુમુક્ષુઓને દીક્ષા બાદ, **શ્રી રામવિજયજી મ.**ના શિષ્ય જાહેર કરવામાં આવ્યા. **મફતભાઈ** બન્યા **શ્રી ધર્મવિજયજી મ.** અને **નાનશા** બન્યા **શ્રી નયવિજયજી મ.**

સર્વે વડીલોએ **શ્રી રામવિજયજી મ.**ને સળંગ ચારે દીક્ષામાં નૂતનદીક્ષિતના ગુરુ જાહેર કર્યા. આ વડીલેની નિઃસ્પૃહતા હતી. વ્યાખ્યાન સમયે હજારો શ્રોતાઓને આવર્જીત કરી દેનાર **શ્રી રામવિજયજી મ.,** વ્યાખ્યાન બાદ કોઈની સાથે વાત પણ કરતા નહોતા. તેમણે એકેય મુમુક્ષુને પોતાની પાસે દીક્ષા લેવાની વાત કરી નહોતી. એમને તો આ શિષ્યો, વડીલોદ્વારા મળ્યા હતા. વડીલો જાણતા હતા કે **શ્રી રામવિજયજી મ.** વ્યાખ્યાન દ્વારા જગાડે છે તો એ દીક્ષા થાય છે. વડીલો પોતાની ભૂમિકાએ જે કરી રહ્યા હતા તે ઉપબૃંહણાનો એક ઊંચો પ્રકાર હતો. વાત એમ બની કે - ચાર-ચાર શક્તિશાળી દીક્ષાર્થીઓએ જેમનાં ચરણે જીવન અર્પણ કર્યું તે **શ્રી રામવિજયજી મ.** હવે દીક્ષાવિરોધીઓની આંખમાં આવી ગયા.

વિ.સં. ૧૯૮૩નું ચાતુર્માસ અમદાવાદ વિદ્યાશાળામાં પૂર્ણ થયું. સૌ મહાત્માઓ શેખના પાડામાં પધાર્યા. **શ્રી રામવિજયજી મ.**નાં વ્યાખ્યાનો જુસ્સાભેર ચાલે હકડેઠઠ મેદની હોય. આનંદમંગલ વર્તાય.

અચાનક નવસારી - **જલાલપુરથી** સમાચાર આવ્યા. **શ્રી કમલસૂરીશ્વરજી મહારાજાએ** થોડાક સમયથી **જલાલપુરમાં** સ્થિરતા સ્વીકારી હતી. વિહાર કઠિન પડતો હતો. સુરત-વાપી જેવા મોટા શહેરોમાં રહેવાનું ટાળીને

તેમણે **જલાલપુરમાં** અવસ્થાન કર્યું હતું. તે સમયે જૈનશાસન પર **શ્રી કમલસૂરીશ્વરજી મ.**નું એકછત્રી સામ્રાજ્ય ચાલે. **શ્રી સિદ્ધિવિજયજી મ.**ને વિ.સં. ૧૯૭૫માં આચાર્યપદ સમર્પિત થયું તેમાં વાસક્ષેપપ્રદાતા હતા **શ્રી કમલસૂરીશ્વરજી મ., શ્રી લબ્ધિવિજયજી મ.** એ જૈનશાસનની જે પ્રભાવના કરી હતી તેની ઉપબૃંહણા રૂપે **શ્રી કમલસૂરીશ્વરજી મ.** એ તેમને **જૈનરત્ન** અને **વ્યાખ્યાન વાચસ્પતિ,** એ બે બિરૂદ અર્પિત કર્યા.

અંગ્રેજી સંસ્કૃતિના તેઓ કટ્ટર વિરોધી. સ્કૂલ અને પાઠશાળા અંગે તેમનું કથન ચોટદાર હતું. તેઓ કહેતાઃ સ્કૂલે બાળકો જાય છે તે, લૌકિક શિક્ષણ છે. લૌકિક શિક્ષણમાં, સંસ્કાર અપાતા નથી, અભક્ષ્ય આહારની આદત પાડવામાં આવે છે, કુલાચાર, ધર્માચાર, વિવેક, વિનયનો ભંગ થાય છે. તમે લોકો તમારા બાળકોને કેવળ લૌકિક શિક્ષણમાં બાંધી રાખો છો તે કોઈ પણ રીતે ઉચિત નથી. તમારા બાળકોને આ લૌકિકશિક્ષણ ધર્મભ્રષ્ટ કરે છે. તમારા બાળકોને ધાર્મિક પાઠશાળામાં ભણવા મોકલાવો તે લોકોત્તર, શિક્ષણ છે. જે બાળક પાઠશાળામાં નિયમિત રીતે જાય છે તેનો પરલોક બગડતો નથી. પાઠશાળાને ભૂલી જનારા માબાપ, પોતાના બાળકોનાં આત્મકલ્યાણના દુશ્મન છે. અંગ્રેજી ભાષાનાં ચલણ સામે તેમને હંમેશા વાંધો રહેતો. તેઓ એક જ વાત કહેતાઃ **जो विदेश का है वह विदेश की भाषा बोलें। जो देश का है वह देश की भाषा बोलें।** સમયની સાથે શહેરોમાં પરિવર્તન આવ્યા તે જોઈને તેઓ વ્યથિત રહેતા. શહેરોમાં રહીને પોતાના આચારને કમજોર બનાવવા તે કરતાં બહેતર છે કે શહેરથી દૂર - ગામડામાં રહેવું આવો તેઓશ્રીનો અભિગમ. આયુષ્યના આઠમા દાયકામાં તેમણે શહેરથી દૂર રહેવાનો નિર્ણય લીધો. **જલાલપુરમાં** સ્થિરવાસ સ્વીકાર્યો. શહેરી ભીડ માટે તેઓ બોલ્યા હતાઃ શહેર કે લોગ ચંદન સે જલાયેંગે. ગાંવ કે લોગ લકડી સેં જલાયેંગે. ક્યા ફરક પડતા હૈ? જલાનેવાલે તો મિલ હી જાયેંગે. મૃત્યુ કો બિગાડની નહીં હૈ.'

સેવામાં **શ્રી મંગલવિજયજી મ., શ્રી મેરૂવિજયજી મ.** પ્રતિપળ ઉપસ્થિત હતા. લોકો સાથે વાર્તાલાપ નહીંવત્ કરી દીધો હતો. મહાત્માઓ દ્વારા પણ કેવળ શાસ્ત્રના મંગલપાઠોનું શ્રવણ જ કરતા રહ્યા હતા. આત્મા અંદર ઉતરતો જતો હતો. વિ.સં. ૧૯૮૫ની મહાવદ છઠે તેઓ સમાધિપૂર્વક કાળના ધર્મને વશ થયા. અંતિમ આઠ કલાકો ગહન મૌનમાં વીત્યા હતા. **શ્રી લક્ષ્મણવિજયજી મ.**એ પૂછ્યું કે **'કુછ સુનાયેં?'** તો હળવેથી જવાબ આપ્યો હતો ઈસ મેં ક્યા પૂછના?' આ અંતિમ વાક્ય હતું. **શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.** એ ઘણો આગ્રહ કરેલો પણ ઔષધગ્રહણ ન જ કર્યું. તેમના કાળધર્મના સમાચાર ભારતભરમાં ફેલાયા. સમાચાર અમદાવાદ પણ પહોંચ્યા. આખું અમદાવાદ બંધ રહ્યું. માણેક ચોકમાં વિશાળ ગુણાનુવાદ સભા યોજાઈ.

**શ્રી રામવિજયજી મ.** એ એક ભડવીર વડીલને હંમેશ માટે ખોયા. સમકાલીન મતભેદોનો અભ્યાસ કરીને, સાચો મત શું છે તે બાબતમાં સ્પષ્ટ રહેવાની આદત હતી **શ્રી કમલસૂરીશ્વરજી મ.**ને. મતમીમાંસા પુસ્તક તેની સાક્ષી છે. **શ્રી રામવિજયજી મ.**નાં જીવન પર, **શ્રી કમલસૂરીશ્વરજી મ.**નો પ્રભાવ આ રીતે રહ્યો. સ્વભાવે અલગારી રહેવું, વાર્તાલાપમાં સ્પષ્ટવાદી રહેવું, જ્ઞાન માટે સતત અભ્યાસી રહેવું.

આ સંસ્કાર આજીવન બનેલો રહ્યો. અસ્તુ

*(દેવર્ધિ. ક્રમશઃ)*

## દીક્ષાયુગ પ્રવર્તક - પૂર્વાર્ધ સમાપ્ત

***દીક્ષાયુગ પ્રવર્તકની જીવનકથા રોમાંચક રીતે આગળ વધી રહી છે. તે તે પ્રસંગો પર એક નવો જ પ્રકાશ પથરાઈ રહ્યો છે. જોતજોતામાં એકવીસ પ્રકરણ થઈ ગયા. હજી સુધી - મૂળ મુદ્દો શરૂ થયો નથી, કેવળ ભૂમિકા જ ચાલી છે. આ પ્રકરણ સાથે પૂર્વાર્ધ પૂર્ણ થાય છે. આગળ હવે, દીક્ષાધર્મ રક્ષાનો મુખ્ય મુદ્દો કેન્દ્રમાં રાખીને કથા આગળ વધશે. તે હશે ઉત્તરાર્ધ. વાચકોના પ્રતિભાવોએ અમને ઉત્સાહિત રાખ્યા છે. -સંપાદક***

# ❁ શ્રી સંઘનું સ્વરૂપઃ ❁

- **શ્રાવક મળેલું ભોગવવામાં જેમ લીન ન બને તેમ ન મળવાથી દીન ન બને.**
- **ધર્મ ન હોય ને ધર્મી કહેવડાવે એવાને તો ખુલ્લા પાડવા જોઈએ.**
- **મહત્ત્વાકાંક્ષા એ દુર્ગુણ છે. એ દુર્ગુણમાં સમ્યક્ત્વનો અભાવ છે. આવાઓનું ભણતર ઊંધી દિશામાં જાય છે.**

## (૭૩)

**લીન અને દીન ન બનો!**

અનંત ઉપકારી સૂત્રકાર મહર્ષિ **શ્રી દેવવાચક ગણિવરજી** શ્રીસંઘમેરૂની વજરત્નમય પીઠની દઢતા અને રૂઢતાનું વર્ણન કરી ગયા પછી ગાઢતા તથા અવગાઢતાનું હવે વર્ણન કરે છે.

શંકાદિ પાંચેય દોષોના પરિત્યાગથી **દઢતા** આવે છે અને દરેક સમયે શુદ્ધ બનતા પ્રશસ્ત અધ્યવસાયના ઉત્કટ પરિણામની ધારામાં ચિરકાળ વર્તવાથી **રૂઢતા** આવે છે. તત્ત્વની તીવ્ર રુચિથી સમ્યક્ત્વ **ગાઢ** બને છે અને જીવાદિ **પદાર્થોનો** સમ્યક્ પ્રકારે સંપૂર્ણ બોધ થવાથી સમ્યક્ત્વ **અવગાઢ** થાય છે. આ સમ્યગ્દર્શનરૂપ પીઠ મજબૂત થાય તો જ ઉપરની વસ્તુ સફળ થાય. તે સિવાયના ગુણો નિષ્ફળ છે. નિષ્ફળ છે એટલું જ નહિ પણ ઊલટું નુકસાન પણ કરે છે. સમ્યક્ત્વ વિના ગુણો સફળ થતા નથી. એના વિના નિયાણાના યોગે કે સંસારના પદાર્થોની વાસનાના યોગે સંસાર ઘટવાને બદલે ઊલટો વધે છે. જે ધર્મક્રિયા સંસાર ઘટાડનારી તે જ ક્રિયા સંસાર વધારનારી થાય છે. ધર્મના પ્રતાપે મળે એ વાત જુદી પણ મગાય નહિ.

શ્રાવક કદી દીન ન બને. પુણ્યયોગે મળે તે ભોગવે એ વાત જુદી પણ એ દીન ન બને. જેમ એ મળેલું ભોગવવામાં લીન ન બને તેમ ન મળવાથી દીન ન બને. આજે તો દીનતા દેખાય છે. લાખોની સખાવત કોઈ કરે પણ દુઃખીને સહાય ન કરે. દુઃખી પણ એને કૃપણનો કાકો કહે પણ પોતાનો લાભાંતરાય ન સમજે. **ઢંઢણમુનિને** ભિક્ષા ન મળી તો દ્વારિકામાં કોઈ દાતાર જ નથી એમ એમણે કહ્યું? લાભાંતરાયના ઉદયે દાતારને પણ એને આપવાનું મન ન થાય. શ્રી જિનેશ્વરદેવના ધર્મને સમજનારો દીન ન હોય.

**ઈર્ષ્યાના પાપથી બચો!**

સંઘમાં પાંચ લાખ કોઈ ખર્ચે ત્યારે કેટલાક કહે છે કે **'અમારું શું કર્યું?'** શ્રાવકના આ વિચાર હોય? આ બધા વિચારોના પ્રચારનું મૂળ તો આજના ભણેલા ગણાતા છે. સામાન્ય લોકોની બુદ્ધિ બગાડનારા પણ એ જ છે. પહેલાં એવું કોઈ નહોતું બોલતું. આજે તો ભગવાનના ઉત્સવ જોઈને, ભગવાનના અલંકારો જોઈને પેટ બાળનારા ઘણા છે. વિચારો કે આ કઈ હાલત છે? જૈનના વિચારો આવા હોય? દેવ-ગુરુ-ધર્મની ભક્તિમાં થતો ધનવ્યય જોઈને એ વ્યય પોતાને માટે થાય તો ઠીક, એવો વિચાર જૈનશાસન પામેલાને થાય? પાત્રાપાત્રનો ભેદ સમજનાર આવું કદી વિચારે? શ્રી તીર્થંકરદેવની સેવામાં અસંખ્યાતા દેવો તથા ઈંદ્રો હોય છે એ જોઈને સામાન્ય મુનિ એમ કહે કે- 'એમની સેવામાં ક્રોડો દેવતા અને મારી સેવામાં એક પણ કેમ નહિ?' તો એ ચાલે? એ પુણ્ય ઉપાર્જન કરીને આવ્યા છે માટે દેવો એમની સેવા કરે છે. વગર પુણ્યે સેવા ઈચ્છે તે મળે?

તીર્થંકર પણ ધર્મચક્રી છે. એક ઘરમાં બેય જન્મે, તીર્થંકર તથા ચક્રવર્તી. બેયની માતાને ચૌદ સ્વપ્ન આવે પણ અભિષેક માટે ઈંદ્રો મેરૂ પર કોને લઈ જાય? શ્રી તીર્થંકરદેવને જ, ચક્રવર્તીને નહિ. શ્રી તીર્થંકરદેવને દેવીઓ રમાડે અને ચક્રવર્તીનું પાલન સ્ત્રીઓ કરે, પુણ્યમાં ભેદ ખરો કે નહિ? **અજીતનાથ**

**ભગવાન** અને **સગર ચક્રવર્તી** બેય એક જ ઘરમાં જન્મ્યા, બેય સગા ભાઈ પણ મેરૂ પર અભિષેક તો **શ્રી અજીતનાથનો** જ થયો. દેવીઓ તેમને જ ઉછેરે. ત્યાં સગર ચક્રવર્તીએ 'મને કેમ નહિ?' એમ ન કહ્યું. સુપાત્રમાં પણ ભેદ પડે છે. શ્રી જિનેશ્વરદેવ રત્નપાત્ર. ગણધર-ભગવંતો એમનાથી ઓછું પાત્ર, વિશિષ્ટજ્ઞાની એમનાથી ઓછું અને ચૌદ પૂર્વધર એમનાથી ઓછું, એમ પાત્રભેદ ખરા ને? એટલે દેવ-ગુરુ-ધર્મની ભક્તિ જોઈ 'અમને કેમ નહિ?' એવું શ્રાવક વિચારે? અને એવું વિચારે તો એ દીનતા વધારવાનો રસ્તો કે સુખી થવાનો રસ્તો?

પોતાને માટે ધર્મક્રિયાને ગૌણ બનાવવાનો વિચાર જ પોતાની ગૌણતાને સૂચવે છે. સમ્યક્ત્વ સ્પર્શે તો જૈનકુળમાં જન્મેલાને આ વિચાર હોય નહિ. આ વિચાર તો સૂચવે છે કે જૈનકૂળ મળ્યું પણ મૂળ ગયું. આ વિચાર કરનારા તો ભયંકર પાપ બાંધી રહ્યા છે. એવા આત્માઓ કદી સેવાપૂજા કરતા હોય તો પણ શાસ્ત્ર કહે છે કે એ ક્રિયા એ દંભ છે; એમાં ગુણ નથી. બીજાની સારી સ્થિતિ કે સારી ધર્મક્રિયા જોઈને જૈનને તો આનંદ જ થાય. જૈન તે કે પોતે દરિદ્રી હોય પણ બીજાને શ્રીમાન જોઈને એને હર્ષ જ થાય પણ એની આંખમાં કદી ઈર્ષ્યાનો અગ્નિ ન પ્રગટે. કોઈ દરિદ્રી શ્રીમાનને જોઈને બળે તેથી એને લક્ષ્મી મળી જાય? મળે નહિ એ નક્કી વાત, તો પછી બળતરા શા માટે? એક બુદ્ધિમાન રોજની સો ગાથા કરે અને બીજો મંદબુદ્ધિવાળો માંડ એક કરે, તો પેલો 'સો કેમ કરે છે?' એમ કહે તો ઉપરથી જ્ઞાનાવરણીય બાંધે ને પછી તો એક આવડતી હતી તે પણ ન આવડે. સો ગાથા કરનારની ઈર્ષ્યા કરવાથી એ શક્તિ પણ ગુમાવે. જેને માનપાન જોઈએ તેણે બીજાનાં માનપાન જોતાં શીખવું જોઈએ. નામનાની ઈચ્છાવાળાએ બીજાની નામના ખમતાં શીખવું જોઈએ. કોઈની પૂજા જોઈને ઈર્ષ્યાથી બળશો તો પોતાની પૂજા પહેલી નષ્ટ થવાની. જ્ઞાનીને જોઈને તો અજ્ઞાનીએ રાજી થવું જોઈએ.

**સભા:** ***'કોઈની ખોટી પૂજા થતી હોય તો ચાલવા દેવાય?'***

ખોટી પૂજાની નહિ, અહીં તો સાચી પૂજાની વાત છે. ખોટી પૂજા કરનારા અને કરાવનારા વેષધારીઓની વાત નથી. તેવાને તો જરાયે ટેકો ન આપવો એમ શાસ્ત્ર કહે છે. ધર્મ ન હોય અને ધર્મી કહેવરાવે એવાને તો ખુલ્લા પાડવા જોઈએ. પૂર્વના પાપોદયથી દરિદ્રી બનેલાની તો ફરજ છે કે બીજાને શ્રીમાન જોઈ દુઃખી ન થાય. પોતાની દરિદ્રતામાં પૂર્વની આરાધનાની ખામી માને.

મુનિના બાવીસ પરિષહમાં જ્ઞાન અને અજ્ઞાન બેય પરિષહ છે. પ્રજ્ઞા (જ્ઞાન)ને પરિષહ કહ્યો અને અજ્ઞાનને પણ પરિષહ કહ્યો. બુદ્ધિ વધે ને ઘમંડ આવે, 'હું જ વિદ્વાન' એમ બોલે તો જ્ઞાની એને મૂર્ખ કહે છે અને એનાથી કેટલાય ગુણા જ્ઞાની એવા પૂર્વના અનંતજ્ઞાની તરફ નજર કરવાનું કહે છે. બીજી તરફ અજ્ઞાનીને લમણે હાથ દેવાની જ્ઞાની ના પાડે છે. જ્ઞાની ફરમાવે છે કે પૂર્વના તીવ્ર કર્મનો આ પ્રભાવ છે. એ કર્મ ખપાવવાના પ્રયત્ન કરવાનું કહે છે પણ ગભરાવાની ના પાડે છે. જ્ઞાની ઘમંડ કરે અને અજ્ઞાની લમણે હાથ દઈને બેસે તો બેય મરે.

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આવેલો ગમે તે અવસ્થામાં પણ નિર્જરા જ કરે. એ એના શુભ પરિણામને ગમે તેવા સંયોગોમાં પણ સાચવે જ. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવમાં કદી ખામી આવવા દે જ નહિ. આજના દરિદ્રીઓ તો અવળા વિચારે ચડ્યા છે, માટે ભયંકર દરિદ્રતાથી લેપાયા કરે છે. પૂર્વની ધર્મારાધનાના અભાવે હાલ ખીસામાં રાતી પાઈ પણ નથી એવામાં કોઈને સુખી ભાળે તો પાછા હૈયામાં સળગે છે. શાસ્ત્ર કહે છે કે વધારે દુઃખી થવાનો આ રાજમાર્ગ છે. આટલો દુઃખી તો આ ભવમાં છે જ, ભવાંતરમાં એ વધારે દુઃખી થવાનો.

આજના ભણેલાઓ કપડાં અપટુડેટ પહેરતાં શીખ્યા, એટીકેટ-પોઝિશન, ખુરશી ટેબલ પર બેસતાં, છાતી કાઢીને ફરતાં, બીજા પર હુકમ કરતાં શીખ્યા પણ એ બુદ્ધિમાનો (!)ને એ વિચાર નથી આવતો કે આવી રીતે રહી કોણ શકે? બધાની ઈચ્છા હોય પણ બધાને એવી સાહ્યબી મળે ખરી? 'અમેરિકામાં આટલી સાહ્યબી અને અહીં કેમ નહિ?' આ દેશમાં આટલા કરોડપતિ ને હું કેમ નહિ?' આવું વિચાર્યા કરે પણ એ થાય ક્યાંથી? સમ્યગ્દૃષ્ટિને આવા વિચાર આવે?

**સભા:** ***'મહત્ત્વાકાંક્ષા હોવી એ ગુણ નથી?'***

કઈ મહત્ત્વાકાંક્ષા? 'પંચમ જ્યોર્જ શહેનાશાહ અને હું કેમ નહિ?' એમ? શહેનશાહત પણ પૂર્વે ધર્મની આરાધના કરી હોય તેને જ મળે છે. પણ એ ઈચ્છવા જેવી ચીજ નથી. ધર્મ આરાધો તો મુક્તિ મળશે. અવળા વિચારો કરવા મૂકી દો. મહત્ત્વાકાંક્ષા

એ દુર્ગુણ છે. એ દુર્ગુણમાં સમ્યક્ત્વનો અભાવ છે. આવાઓનું ભણતર ઊંધી દિશામાં જાય છે. એક જ વર્ગ, એક જ શિક્ષક અને એક જ પુસ્તક છતાં એક વિદ્યાર્થી પહેલા નંબરે પાસ થાય, એક છેલ્લા નંબરે પાસ થાય અને કેટલાક ઠોઠ નાપાસ થાય છે એનું કારણ? એક વિદ્યાર્થી એવો કે વર્ગમાં બરોબર સાંભળે. ઘેર આવીને પુસ્તક જુએ પણ નહિ, છતાં પાસ થાય અને એક એવો કે વાંચી વાંચીને મરી જાય તોયે માંડ પાસ થાય, કદાચ નપાસ પણ થાય. આનો હેતુ શો? એ વિચાર આ શાસન કરાવે. પછી એના માટે પ્રયત્ન થાય પણ ઈર્ષ્યા ન થાય. આજે તો પ્રયત્ન ગયો ને ઈર્ષ્યા આવી.

કેટલાક તો કહે છે કે-'શ્રી જિનેશ્વરદેવની પૂજામાં આટલો ખર્ચ કેમ?' શ્રાવકનો આ પ્રશ્ન હોય? શ્રાવકની તો મનોદશા એ હોય કે ઓછું મળશે તો ઓછામાં નભાવીશ પણ પરમાત્માની પૂજાભક્તિ તો અખંડિત રહેવી જોઈએ. પોતાને ભલે કદાપિ માગીને ખાવું પડે પણ ભક્તિમાં ખામી ન આવવી જોઈએ. આવી મનોદશા શ્રાવકની હોય. એના બદલે આવી હીન મનોદશા કેમ થઈ ગઈ? ખાવા-પીવાનું ખૂટી ગયું કે જેથી દૃષ્ટિ ભગવાનની પૂજામાં થતા ધનવ્યય ઉપર જાય છે? વેપાર ધંધા ચાલુ છતાં ચોરી કરવાનું મન કોને થાય? લુચ્ચાઓને જ થાય ને? વ્યવહાર આમ કહે છે. જેમ વ્યવહારમાં એ લુચ્ચો ગણાય તેમ બધું હયાત છતાં દૃષ્ટિ અહીં દેવદ્રવ્ય ઉપર કે ધર્માનુષ્ઠાનોમાં થતા ધનવ્યય ઉપર જાય એ કેવા કહેવાય? એ તમે નક્કી કરી શકો છો.

**મા-બાપની સેવા પણ નિઃસ્વાર્થભાવેઃ**

બાપના આધારે જીવનારાને નીતિશાસ્ત્રે અધમ કહ્યા છે. બાપની લક્ષ્મી ભોગવનારને નીતિકારોએ બહુ હલકી ઉપમા આપી છે. આ વાતને ઊંધી ન લેતાં પણ એમ કહેવામાં નીતિકારનો આશય એ છે કે-એવાઓએ હાડકાંના હરામ ન થવું જોઈએ. પોતાની આજીવિકા માટે પોતે મહેનત કરવી જોઈએ. નીતિકારના કહેવાનો આશય એ છે કે-'પારકી આશાએ ન જીવ પણ હાથે પેદા કર.' જ્યારે નીતિમાં પણ આવી મના તો શ્રી જિનેશ્વરદેવને ભક્તિથી અર્પિત થયેલ દ્રવ્ય ખાવાનું મન થાય ત્યાં હાલત શી? બાપનું ધન ભોગવવાની નીતિએ મના કરી. સાચા દીકરા તે કે જે વડીલને કહી દે કે-'આપે પેદા કર્યું તે આપના હાથે જ વાપરી દાન-પુણ્ય કરો, અમારી ચિંતા ન કરો. અમને આપે નાનાથી મોટા કર્યા, દૂધ પાઈને પાળ્યા પોષ્યા એ આપનો નાનોસૂનો ઉપકાર નથી. એ ઉપકાર અમારાથી ભુલાય તેમ નથી.'

માતા-પિતાના ઉપકારનો બદલો શો? એમનું પેદા કરેલું ખાઈ જવાનો? માતા-પિતાની ભક્તિની બાંગ પોકારનારાઓને મારે કહેવું છે કે જો બાપના સાચા ભક્ત હો તો તેમને કહી દો કે- 'તમે હવે ધર્મ સાધો. લક્ષ્મીનો ઠીક લાગે તેમ સદ્વ્યય કરો.' પરંતુ આજે તો ત્યાં ભાગ મંગાય છે. પોતાનું પાસે રાખે ને બાપની મિલકતનો 'વડીલોપાર્જિત' કહીને ભાગ માગે. એને પૂછો કે-'તું પોતે શાથી ઉપાર્જિત?'

**સભાઃ** ***'કાયદો એવો છે ને?'***

કાયદો તો કરનારે કર્યો પણ આપણે ઉત્તમતા કેળવવી હોય તો કોઈ ના પાડે છે?

**બેકારી ને ગરીબીનું મૂળઃ**

આજે તો ત્યાં સુધી કહે છે કે-'ભગવાનના મુગટના ચડાવામાં પાંચ હજાર થાય તો તેમાંથી એક હજાર શ્રાવકોને આપવામાં વાંધો શો? એવાને હું કહું છું કે ઝોળી લઈને બહાર નીકળો તો ખરા? કેટલા મળે છે તે ખબર પડશે. આ તો પરમાત્માનું પુણ્ય છે માટે ત્યાં ભક્તિમાં ધનના ઢગલા થાય છે. મંદિરના પૈસા ખાઈને સુખી નહિ થાઓ. મંદિરની એક પાઈ પણ ઘરમાં આવી તો પાયમાલ થઈ જશો, એ લખી રાખો. જૈનોમાં આવા વિચારો ક્યાંથી ઘૂસ્યા? ઘણા તો ઘીની બોલીના પૈસાનું વ્યાજ ખાય છે એ જાણો છો ને? બોલીમાં પાંચસો બોલ્યા એટલે એ મિલકત હવે પોતાની નથી, એનું વ્યાજ ખવાય? દેરાસરનો વહીવટ કરનારા દરેક ખાતાઓની થેલીઓ અલગ રાખે. એ પૈસા પોતાના ઉપયોગમાં લેવાની કે એનું વ્યાજ ખાવાની દાનત ન રાખે. એ પારકી મિલકત કહેવાય. એનું વ્યાજ ખાવાની વૃત્તિ એ તો હરામનું ખાવાની દાનત કહેવાય.

**સભાઃ** ***'વ્યાજ ખાવાનો ઈરાદો ન હોય તો?'***

માનો કે ઈરાદો ન હોય અને અજ્ઞાનથી એમ થતું હોય; પણ અજ્ઞાનથી પણ ઝેર ખવાય તો ન મરાય? ઝેરી ઝાડની છાયામાં અજાણપણે પણ સૂનારને ચક્કર આવે, મૂર્ચ્છા આવે અને તાત્કાલિક ઈલાજ કરનાર વૈદ્ય ડૉક્ટર ન મળે તો મરી પણ જાય. જાણ્યા પછી સાવધ થવાની આવશ્યકતા ખરી ને?

દિવસે દિવસે આવતા દારિદ્ર્ય તથા વધતી જતી દીનતાનાં નિદાન આ છે. એ લોકો આમ કરીને નાશના દરવાજા ખોલી રહ્યા છે. આમ કરવામાં આપણા કરતાં એમને જ હાનિ વધારે છે. જો કે તેઓ કરવા ધારે છે એ બનવાનું જ નથી; પણ માનો કે શ્રદ્ધાળુઓની શક્તિ ઘટી અને એ લોકો એમનું ધાર્યું કરી ગયા તો એ સુખપૂર્વક જીવી શકશે ખરા? હજી તો બોલ્યા કરે છે ત્યાં આ હાલત છે તો કરશે ત્યારે શી હાલત થશે! ચોરને ચોરી કરવા નીકળે ત્યાં જ મનમાં થડકારો થવા માંડે. ચોરી ન કરે તોયે મૂંઝવણ થાય છે. ઘેરથી નીકળે ત્યારથી જ આંખો કાગડાની જેમ ચકળવકળ થતી હોય. એની ચાલમાં પણ ચોરી છૂપી વર્તાઈ આવે.

આટલા ભણેલા છતાં બેકાર કેમ? ભણેલા ભૂખે મરે? જેને લખતાં બોલતાં આવડે તે પોતાનું પેટ પણ ન ભરી શકે? એવા ભૂખે કેમ મરે? પણ એ દાનતના ચોર છે તેથી જ ભૂખે મરે છે. પોતાના સહેવાસમાં આવનાર સુખી થાય એવી મનોવૃત્તિ નથી. એ વકીલાત કરતા હોય તો અસીલની પૂરી વાત સાંભળીને પછી યોગ્ય સલાહ આપી ફી લેવાની ભાવનાવાળા નથી. એ તો પહેલી પોતાની ફી લઈને જ અસીલની વાત સાંભળે.

**સભાઃ** ***'વાદી પ્રતિવાદી સેટલમેંટ કરે તોયે મોટું બીલ મોકલી આપે'***

એ બતાવે છે કે એમનાં હૈયા સાફ નથી. દાનત આવી હશે ત્યાં સુધી દુઃખ મટવાનાં નથી. ગમે તેટલું મળે તોયે એમનું પૂરું થવાનું નથી. એટલે તો હવે એમની દૃષ્ટિ ધર્માદા ટ્રસ્ટ ઉપર ગઈ છે. દેવદ્રવ્યના ભંડાર હવે એમની નજરે ચડ્યા છે.

આજે ધાર્મિક સંસ્થાઓનો વહીવટ કરનારાઓમાં પણ સાચા શ્રદ્ધાળુ કેટલા? દેવ-ગુરુને નમનારા કેટલા? જેઓને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે શ્રદ્ધા નથી એમને દેરાસરનો વહીવટ ચલાવવાનો, દેરાસરની માલિકીની વાતો કરવાનો હક્ક ક્યાં છે? કંપનીમાં ભાગીદાર કોણ રહી શકે? નફા તથા તોટામાં-બેયમાં ઊભો રહે તે. જેને પેઢીનું હિત હૈયે હોય તે પેઢીનો ભાગીઓ. પોતાના ઘરના કાઢીને પણ પેઢીની આબરૂ બચાવનારા વહિવટ કરવાનો હક્ક ધરાવે છે. દેવદ્રવ્યને વધારનારા, એનું રક્ષણ કરનારા મંદિરનો વહિવટ કરે કે દેવદ્રવ્યને ખાઈ જવાની ઈચ્છાવાળા એનો વહિવટ કરે?

દેરાસર વગેરેના વહિવટમાં હિસ્સો બધા જૈનોનો છે. નાનું બાળક પૂછવાને હક્કદાર છે. પણ એમની ભાવના એના રક્ષણની અને એની વૃદ્ધિની જોઈએ. એને સાચવવા તન-મન-ધનનો ભોગ આપનારા એ હોવા જોઈએ. ખાઈ જવાની વૃત્તિવાળાને કશો હક નથી. હવે સમય એવો આવ્યો છે કે આને માટે કેસો લડવા પડશે. સ્ટેટમેંટો રજૂ કરવાં પડશે. હૃદયપૂર્વક કબૂલાતો કરાવવી પડશે. વહિવટ કરનારને જેનો વહિવટ કરવા મલે છે તેની પૂજ્યતા માન્ય છે? તેનાં ફરમાન માન્ય છે? એમ પૂછવું પડશે. જે આગમમાં દેવદ્રવ્યનાં વિધાન છે તે આગમ તેને માન્ય છે કે નહિ, એ નક્કી કરવું પડશે. વહિવટ, જેની પેઢી તેની આજ્ઞા મુજબ ચાલે, મુનીમની મરજી ન ચાલે. માલિક કહે કે મારે તો જૂના આસામી સાથે વ્યવહાર સાચવવાનો છે તો મુનીમે સાચવવો જ પડે.

જે સ્થાનનો જે વહીવટ કરવા માંગે ત્યાંના કાનૂન મુજબ એને ચાલવું પડે. ઉપાશ્રયમાં શાની મીટિંગ બોલાવાય એ ઉપાશ્રયનો વહિવટ કરનાર ધ્યાન ન રાખે? જગ્યા ખાલી છે માટે વેપારની કે વ્યવહારની મીટિંગો ત્યાં બોલાવે એવા વહિવટદારો વહિવટ કરવા માટે લાયક નથી. તેમનું એ કાર્ય ગેરકાનૂની છે. એની સામે ન્યાય માગવામાં આવે તો રાજ્યસત્તા પણ બરાબર ન્યાય આપે. રાજ્યસત્તાને બરાબર વાત સમજાવવામાં આવે તો એવાઓ કદી ન ફાવે. ઉપાશ્રયમાં ભોજનાલય કરવાની રાજસત્તા જ ના પાડે. ટ્રસ્ટડીડ માંગે અને મકાન શા માટે બંધાયું, બંધાવનારનો ઉદ્દેશ શો હતો, એ બધું પૂછે. અમુક હેતુ માટે જ એ બંધાયું છે એવું પુરવાર થાય તો ખાલી રહે એ બને પણ એનો બીજો ઉપયોગ તો રાજસત્તા પણ ન થવા દે. મંદિર ખાતાની લક્ષ્મી તિજોરીમાં પડી રહે એ બને પણ વપરાય તો મંદિરમાં જ, બીજે નહિ. વ્યવહારમાં પણ દીકરીનું ધન પડ્યું રહે તે હા, પણ બાપથી એ ખવાય નહિ. લોકમર્યાદા મૂકી હોય એવા શરમ વિનાના હોય એની વાત જુદી. શાહુકારો લૂંટવાનું ધ્યેય કરે ત્યાં ઉપાય નથી. ધર્મનીતિ જે રીતે જળવાવી જોઈએ તે રીતે જળવાય તો જ એ વહિવટને યોગ્ય ગણાય.

**એવા આત્માઓની દયા ખાઓ!**

શ્રી સંઘમાં દરિદ્રી અને શ્રીમાન બેય હોય. દરિદ્રી પણ સંતોષી જ હોય, પણ ક્યારે? સમ્યક્ત્વ દૃઢ હોય તો ને? આજના દરિદ્રીઓની વાત જુદી છે. કોઈ સંઘ કાઢે કે

ઓચ્છવ કરે તો એ તરત કહેશે કે- 'આમ પૈસાનાં પાણી કરે છે પણ અમારું કાંઈ કરતા નથી.' આવું બોલનારા શ્રાવક કહેવાય? એ સંઘમાં રહે? આપણે તો એ કચરો દૂર કરવો છે. ગમે તેવો શ્રાવક દરિદ્રીમાં દરિદ્રી હોય પણ એને પ્રભુની ભક્તિથી આનંદ જ થાય. જિનમૂર્તિની શોભા જોઈને એનું હૈયું ઉલ્લસિત થાય. આજે તો કેટલાક નામદારો! એ ઉલ્લાસના દરવાજા જ બંધ કરવા માગે છે. ભગવાનને મોટો મુગટ ચડે તો એ કમનશીબોને થાય છે કે- 'અમારા માથે કાળી ટોપીનાં પણ ઠેકાણાં નથી અને ભગવાનને આવો મુગટ?' શ્રી સિદ્ધગિરિજીનો ચાર લાખનો મુગટ જુએ ને એમને કાંઈનું કાંઈ થઈ જાય છે.

**સભા:** ***'એમાં એ વ્યાજખાધ ગણે છે! એ કહે છે કે એનું વ્યાજ.' જરૂરિયાતવાળાને વહેંચી આપો તો સમાજનો ઉદ્ધાર થાય.***

એ સમાજના ઉદ્ધારકોથી તો સાવચેત રહેવા જેવું છે. એક મહર્ષિએ પૂજામાં લખ્યું છે કે પ્રભુની અંગરચના એ અંગરચના નથી પણ અંગરચનાના બહાને શ્રી મોક્ષપુરીમાં પત્ર પાઠવાય છે કે-'ઝટ બોલાવો!' એ હીરા-માણેક-પન્ના નથી પણ એક પ્રકારનો પત્ર છે. જેવું સ્થાન તેવો પત્ર હોય ને? ચાલુ કાગળ કાળી શાહીથી લખો પણ કંકોત્રીમાં તો લાલ શાહી હોય ને? તો પછી આ તો સિદ્ધિપુરીમાં પત્ર લખવાનો છે. તેમાં તો બધું અનુપમ જ જોઈએ. આવી ભાવનાવાળો શ્રાવક ભગવાનની આંગી જોઈને-'આ બધી ધાંધલ શા માટે?' એમ બોલીને બળતરા કરે?

શાસ્ત્ર કહે છે કે ધર્મી આત્માને જેટલાં તરવાનાં સાધન તેટલાં જ પાપી આત્માઓ માટે ડૂબવાનાં સાધનઃ જેનાથી સમ્યગ્દષ્ટિ આત્માઓ કર્મની નિર્જરા કરે તેનાથી જ આવા આત્માઓ કર્મનાં બંધન કરે. એવાને તો કહેવું પડે કે તમારે માટે તો મંદિરમાં આવવું નકામું છે કારણ કે તમને એ ગમતું જ નથી. અમને તો ત્યાં ભક્તિ છે માટે જઈએ, ભગવાનને મોટા મુગટ પણ પહેરાવીએ અને અમારું સર્વસ્વ ત્યાં સમર્પણ કરીએ; પરંતુ તમને એ બધું ગમતું નથી તો તમારે મંદિરમાં આવવું ન ઘટે. તમે તો આવીને પણ ફોગટ કર્મ જ બાંધવાના છો.

હવે તો વહીવટદારોએ ઉત્સવ પ્રસંગોએ એવો ફતવો બહાર પાડવો પડશે કે -'આજ રોજ શુભ દિવસ હોવાથી શ્રી સિદ્ધગિરિજી પર દાદાને મુગટ ચડાવવાનો છે; તો જેઓ એ જોઈને રાજી થાય તેઓએ જરૂર આવવું પણ એ જોઈને જેમનાં હૈયાં બળે તેમણે બહેતર છે કે એ દિવસે આવવાનું મુલતવી રાખવું.' આમ કરવાથી એ બિચારા દુર્ભાવ કરતાં બચી જશે. નહિ તો તેઓ એ જોઈને એમ જ બોલવાના કે- 'અમને પૂરા પચાસ પણ નથી મળતા અને અહીં આ?'

પૂર્વના પાપના ઉદયે આ દશા છે અને આ ભવમાં આવી કાર્યવાહીથી ભવિષ્ય ખરાબ નક્કી છે. એમના પર દયા રાખો પણ ગુસ્સો ન કરો; પાપોદયે એમની મતિ બગડી છે, માટે એમના ઉપર કરુણા રાખો. એમણે પૂર્વે ધર્મ કર્યો નથી, વર્તમાનમાં કરી શકતા નથી અને એથી ભવિષ્યમાં કરી શકવાના નથી માટે એવા આત્માની દયા ખાઓ. જેવો પોતે ધર્મ કરતા નથી અને કરનારાને કરવા દેતા નથી, એમનું ભવિષ્યમાં થશે શું?

**એના ત્રણેય સુધર્યા, આપણા ત્રણેય બગડ્યાઃ**

**અભ્યંકર શેઠ** એક ધનાઢ્ય અને ધર્મી શ્રાવક હતા. અઢળક લક્ષ્મીના માલિક હતા. મુનીમ વગેરે નોકરો ઘણા હતા પણ બે નોકર બહુ સામાન્ય હતા. એક ઢોર ચારનારો હતો અને બીજો વાસીદું વાળનારો હતો. બેય આખો દિવસ કામમાં રહે. નવરા ભાગ્યે જ પડે. એક દિવસ દૈવયોગે બંનેને જરા નવરાશ મળી અને ભેગા થઈ ગયા, ત્યારે પરસ્પર વાતો કરવા લાગ્યા કે-''આપણે કેવા કમનશીબ કે આ કામકાજમાંથી નવરા જ પડતા નથી. આજે વળી આ આટલી વાત કરવા ભેગા થઈ ગયા. આપણા શેઠ કેવા પુણ્યશાળી છે કે જે ગાદીતકિયે બેસે છે, ઘરે લક્ષ્મીનો પાર નથી અને નોકરચાકર સેવામાં એટલા છે કે પાણી માગતાં દૂધ હાજર કરે છે. એમણે તો ખરેખર ગયા ભવમાં બહુ પુણ્ય કર્યું છે એટલે આ ભવમાં આટલી ઋદ્ધિસિદ્ધિ મળી છે અને આ ભવમાં પણ એટલું દાન પુણ્ય કરે છે કે આવતા ભવમાં આથી સવાયું પામશે. એમનો તો ગયો ભવ સુધર્યો, આ ભવ સુધરી ગયો અને આવતો ભવ સુધરવાનો; જ્યારે આપણો તો ગયો ભવ નકામો ગયો, આ ભવ પણ એળે જાય છે અને આવતો ભવ પણ એવો જ જવાનો.'' શ્રાવકના ઘરના અજ્ઞાન અને નોકરો પણ કેવી સુંદર વિચારણા કરી રહ્યા છે? દૈવયોગે તેમની આ વાતચીત શેઠના સાંભળવામાં આવી ગઈ, અને શેઠ વિચારવા લાગ્યા કે ખરેખર! આત્માઓ બહુ ઉત્તમ લાગે છે.

આજના નોકરો આવી સ્થિતિમાં શું વિચારે? એ એવા જ વિચાર કરે કે- 'આપણે આટલી ગધ્ધામજૂરી કરીને મરીએ છીએ પણ આ શેઠને છે એની કાંઈ કદર? મોટો ધર્મીપણાનો દેખાવ કરે છે. બીજે આટલા પૈસા વાપરે છે પણ આપણને એક પૈસો આપે છે? આવાને તો સીધા કરી દેવા જોઈએ.' નોકરો આમ વિચારે છે ત્યારે શેઠિયા પણ ગાંઠ વાળીને બેસે છે કે-'આ નોકરો લુચ્ચા છે. ગમે તેટલું આપીએ તોયે સુધરવાના નથી તેથી પૈસા આપીને મોઢે ચડાવવા જેવા નથી.'

આ શેઠે તો વિચાર્યું કે નક્કી મારા કુળનો એ પ્રભાવ છે કે ઘરનો કચરો કાઢનાર અને પશુઓ ચરાવનારમાં પણ આ બુદ્ધિ આવી. પોતે એમને હવે સાધર્મિક માન્યા.

કોઈ એક પર્વ દિવસે શેઠે એમને બોલાવી સ્નાન કરાવ્યું. સારામાં સારા વસ્ત્રો પહેરાવીને બેયે મંદિર લઈ ગયા. પેલા તો આશ્ચર્ય સાથે બહુ આનંદિત થયા. મંદિરમાં અનેક લોકોને સેવાભક્તિ કરતાં જોઈ તેમની અનુમોદના કરે છે. પરમાત્માનાં દર્શનથી બહુ રાજી થયા. પોતાના શેઠની અનુમોદના કરે છે અને વિચારે છે કે-અમારો શેઠ કેવો પુણ્યવાન આત્મા છે કે જે અમારા જેવાને પણ અહીં લાવ્યો અને ભગવાનનાં દર્શન કરાવ્યાં! હવે શેઠ એમના હાથમાં પૂજાની વાટકી આપી પોતે જે રીતે કરે તે રીતે પૂજા કરવાનું કહે છે. પેલા બેય ના પાડે છે કે-'પારકા કેસરથી અમે પૂજા કરીએ?' વિચારો! આમાં પૂજા ન કરવાની ભાવના નથી પણ 'પારકી સામગ્રીથી પૂજા કેમ કરાય' એ ભાવના છે. એ કહે છે કે વસ્તુઓ આપની અને ભક્તિ અમે કરીએ એવો ખોટો દેખાવ અમારાથી કેમ થાય?

સામાન્ય અજ્ઞાન અને અભણ માણસોની આ વૃત્તિ તો તમારી શી વૃત્તિ? બાર મહિને કેસર સુખડનો રૂપિયો આપતાં પણ અખાડા કરનારા છે ને? મંદિરમાં ન્હાવા આવે, ચાર બાલદી પાણી ઢોળે પણ પૈસા આપવામાં છટકબારી શોધે. પછી એ બધા ખર્ચા ક્યાંથી થાય? સાધરણમાંથી અને એમાં પણ ખાધ હોય તો દેવદ્રવ્યમાંથી ને? આવી ખોટી દાનતવાળાઓનો કદી ઉદ્ધાર થાય? ચાહ, પાન, બીડી, સિગારેટ, હોટેલ, નાટક, સિનેમાના પૈસા એમને મળે છે પણ પૂજાની સામગ્રી માટે પૈસા ન મળે તો એમાં નિર્ધનતા માનવી કે નિર્ભાગીપણું માનવું? પૂજાની સામગ્રી ઘરની વાપરનારા કેટલા? 'દેરાસરમાં ખર્ચા કેટલા થાય છે?' એવી બૂમો મારનારા પોતે એ ખર્ચા માટે શું આપે છે? સંસારમાં ઉડાઉ ખર્ચા મજેથી કરનારાઓને અહીંના ધર્મના ખર્ચા નથી પાલવતા એ દરિદ્રી બનવાની નિશાની છે. પૂર્વના પુણ્યોદયે આ ભવમાં ન થાય તો આગામી ભવમાં દરિદ્રી બનશે. એવાઓ પ્રત્યે હિતબુદ્ધિથી આ કહેવાય છે કે તમારા પાપમાર્ગે થતા ખોટા ખર્ચા બંધ કરો અને-ધર્મમાર્ગે શક્તિ મુજબ ખર્ચતા થાઓ, તેમાં જ તમારું કલ્યાણ છે. પુણ્યવાન આત્માઓના ધર્મમાર્ગે જેટલા પૈસા જાય છે તેનાથી અનેક ગુણા પૈસા જૈનસમાજના પાપના માર્ગે ખર્ચાય છે. જૈનસમાજનો ઉદય કરવો હોય તો એ પાપમાર્ગે થતા ખર્ચા બચાવો અને ધર્મમાર્ગે વાળો તો ઉદય વહેલો થશે. દેવદ્રવ્યાદિ ધર્માદા દ્રવ્ય સામે નજર ન નાખો. પારકે પૈસે પરમાર્થ કરવા નીકળેલાઓને તેઓ જેવા છે તેવા ઓળખાવી દો, જેથી એમની વાતોમાં બીજા ન ફસાય.

ધર્મના ખર્ચાની બૂમો પાડનારાઓને અઢાર પાપસ્થાનકોમાં પૈસા ખર્ચાય તે ખટકતા નથી, એ તેમની લાયકાત કેવી છે એ બતાવે છે. તમારાથી ઉપવાસ ન થાય કે તમે ઘી દૂધ ખાઓ તેની ટીકા ન કરું પણ તમે ચાહ, પાન, બીડી, નાટક, ચેટક, હોટેલ આદિના ખોટા ખર્ચા શા માટે કરો? તમે તમારા વાહિયાત ખર્ચા બંધ કરી એ પૈસાથી સાધર્મિક ભક્તિ કરો તો વાત કરતાં પચીસ લાખ આજે ભેગા થઈ જાય. જૈન કોમ કાંઈ ભિખારી નથી. પચાસનો પગારદાર નકામા ખર્ચા શા માટે રાખે છે? એ ખોટા ખર્ચા રાખે પછી ભીખ માગવી પડે તેમાં કાંઈ નવાઈ છે? રોટલી ઘીમાં બોળીને ન ખવાય તો ચોપડીને ખાય. 'પાડોશી બોળીને ખાય તો હું કેમ ન ખાઉં?' એવા વાદ ન થાય. રોજ ચોપડીને ન ખાઈ શકે તો એકાંતરે ઘી ખાય પણ કોઈની ઈર્ષ્યા ન કરાય.

આજની દશા જુદી છે. ચાર મિત્રો સાથે નીકળે એટલે ઝટ હોટેલમાં પેસે. પણ વિચાર ન કરે કે સામો તો ચાહ પાઈ શકે એમ છે પણ હું પાઈ શકીશ કે કેમ? આ સ્થિતિમાં ન પીવે તે ડાહ્યા કહેવાય. એ કહી દે કે હું નથી પી શકતો. આ નીતિની વાત છે. આવું થાય તો બેકારી ન રહે. દેવદ્રવ્ય તરફની બદદાનત આપોઆપ ફરી જાય. આજે તો ધર્મભાવના તો ગઈ પણ નીતિયે રહી નથી. આજના સિનેમાનાં દશ્યોના છાપામાં ફોટા આવે તે કેવા ભયંકર છે? એમ છતાં પૈસા ખર્ચીને સિનેમા જોવા જનારા ઘણા છે. પરંતુ ત્યાગીઓ વગર પૈસે ધર્મદેશના દે તે ઘણાને ન ગમે તેનું કારણ? આ ધાર્મિક સાહિત્ય કેમ નથી ગમતું?

પેલા શેઠે કહેવા છતાં નોકરોએ પૂજા ન કરી. શેઠે પૂજા કરી અને નોકરે દર્શન કરી અનુમોદના કરી. પછી શેઠ નોકરને ગુરુ પાસે લઈ ગયા અને એ આત્માની ઉત્તમતા જણાવી. ગુરુ એમને ધર્મ સમજાવે છે.

એમાંથી એક જણા પાસે પાંચ કોડી હતી. ગુરુ મહારાજ તે વખતે કોઈ શ્રાવકને સમજાવી રહ્યા છે કે- શક્તિ મુજબ ભક્તિ થાય. લાખવાળો લાખ વાપરે અને ઓછાવાળો ઓછા વાપરે.'' આ સાંભળી પેલા બેમાંનો એક નોકર પૂછે છે કે પાંચ કોડીથી ધર્મ થાય? ગુરુ કહે-ઉત્તમ ધર્મ થાય. તરત એ ઘેર લેવા ગયો. શેઠ પણ ઘેર ગયા. પેલો બીજો નોકર હજી ગુરુ પાસે બેઠો છે. એવામાં કોઈ શ્રાવકે ત્યાં આવી ગુરુ પાસે ઉપવાસનાં પચ્ચકખાણ લીધાં. પેલાએ ગુરુને પૂછ્યું કે, ભગવન્! આમણે શું કર્યું? ગુરુ મહારાજે એ ભદ્રિક આત્માને સમજાવ્યું કે-એમણે આજે ઉપવાસ કર્યો એટલે આજનો દિવસ ખાવાપીવાનું બંધ કર્યું. પેલાએ પૂછ્યું કે એમ કરવાથી શું થાય? ગુરુ કહે-ધર્મ થાય. એ સાંભળી એણે પણ ગુરુ પાસે ઉપવાસનું પચ્ચકખાણ માંગ્યું. પૈસા નહોતા તેથી પારકી સામગ્રીથી ધર્મ કરવાની એની મરજી ન હતી પણ આ તો પોતાના હાથની વાત હતી. પેલા નોકરે પાંચ કોડી લાવી તેનાં ફૂલ ખરીદી ભગવાનની પૂજા કરી સાર્થકતા માની. આ ઉપવાસના પચ્ચકખાણ લઈ ઘેર ગયો. શેઠે તે દિવસે બેય નોકરોને પોતાની સાથે જમવા બેસાડ્યા. બેયનાં ભાણાં પીરસાઈને આવ્યાં. એવામાં ત્યાં મુનિરાજ ગોચરી પધાર્યા. પેલા ઉપવાસવાળો નોકર ઊભો થયો અને મુનિને વિનંતી કરી કે 'મહારાજ! આજે મને જ લાભ આપો કારણ કે મારે આજે જમવું નથી પણ ઉપવાસ કરવો છે અને આ ભાણું મારું- એટલે મારા હકનું છે. મુનિએ પણ તેની ભાવના જોઈ તેને લાભ આપ્યો. મુનિ ગયા પછી શેઠે બીજું ભાણું તેના માટે મંગાવ્યું ત્યારે તેણે કહ્યું કે-મારે ન જોઈએ કારણ કે મેં આજે ઉપવાસ કર્યો છે. શેઠ કહે તો તેં પહેલાં ભાણું કેમ લીધું? તો કહ્યું કે એ મારા હકનું હતું. મેં એ લીધું તો માહાત્માનો લાભ મને મળ્યો. બેય ભદ્રિક આત્માઓ આરાધના કરવાથી મરીને રાજકુમાર થઈ ત્યાં ધર્મ પામી કેવળજ્ઞાન મેળવી મુક્તિએ પહોંચી ગયા. શ્રાવકના વિચારો કેવા હોય?'

**ભણેલા બેકાર વધે એનાં કરતાં અભણ શ્રદ્ધાળુ પાકે તે સારાઃ**

શ્રાવક વિદ્યા ઈચ્છે પણ એ શિક્ષણ કે વિદ્યા બેકારી વધારે એવાં ન હોય. સંસ્કારહીન ભણેલાઓ તો સમાજને બોજારૂપ છે. એ ઉપયોગી થયા નથી અને થવાનાયે નથી. સમાજના પૈસે મોટા થયા, સમાજના પૈસે ભણ્યા અને ડીગ્રીઓ મેળવી અને સમાજના પૈસે જીવનારા આજે સમાજને હજી કહે છે કે-'અમારું પૂરું કેમ કરતા નથી?' સમાજ એમને કહે છે કે 'અમને આવી ખબર નહોતી કે આટલું કર્યા પછી પણ તમારી ભૂખ મટશે જ નહિ.'

શ્રદ્ધાળુ જૈનસમાજને પોતાના પૈસા ખર્ચ્યાનું આ ફળ મળશે એ ખબર ન હતી. એમણે જેટલા પૈસા એ સંસ્કારવિહીન શિક્ષણ પાછળ ખર્ચ્યા તેટલા સુસંસ્કારો રેડવા પાછળ ખર્ચ્યા હોત તો આ શાસ્ત્રોમાં વર્ણવ્યા મુજબનો ભલે નાનકડો પણ આદર્શ સંઘ કરીને આપણે બેસી ગયા હોત, કે જે સંઘને આખી દુનિયા ઝૂકવા આવત. હજી પણ દ્રવ્યવ્યયનો પ્રવાહ આ તરફ વળે તો એક દશકામાં એવો સંઘ થાય.

છોકરો મોટો થાય ત્યારે પોતાની સેવા કરશે એવી આશા બાપ રાખે એ દુનિયાનો વ્યવહાર છે. આ લોકોને પૈસા અપાયા ત્યારે એવી આશા હતી કે એ લોકો ધર્મની સેવામાં ઊભા રહેશે. એ પૈસા આપનારા સ્વપ્નેય એવું નહોતા જાણતા કે તેમના પૈસાથી જ આગળ વધનારા ધર્મને હમ્બગ કહેશે, દેવદ્રવ્ય તરફ બદદાનત કરશે, મુનિઓને સમાજ માટે ભારરૂપ કહેશે, પવિત્ર દીક્ષા માટે એલફેલ બોલશે. સમાજની સેવા કરવાને બદલે સમાજને વિમાસણમાં મૂકશે એવી ખબર હોત તો સમાજ એમની પાછળ રાતી પાઈ પણ ન ખર્ચત. પૈસા લેતી વખતે તો એમ કહેવાયું હતું કે આ લોકો ભણીને શાસનના કલ્યાણમાં ઊભા રહેશે, શાસન પરનાં આક્રમણો અટકાવવા પ્રયત્ન કરશે, વગર પૈસે કોર્ટ વગેરેના કામમાં ઊભા રહેશે. આ સાંભળી ભોળાઓ ભોળવાઈ ગયા અને પૈસા આપ્યા. એ પૈસા આપનારને જ આજે એ લોકો મૂર્ખ અને અંધશ્રદ્ધાળુના ચાંદ આપે છે. આ સમાજમાં આજે વકીલ કેટલા છે? ધર્મના કામમાં વગર ફીએ ઊભા રહેવાનું કોઈએ કહ્યું?

સભાઃ ***'ઊલટા એ તો દોઢા પૈસા માગે છે અને બીલ પોતે ન મોકલે ને પોતાના ભાગીદાર મારફત મોકલે છે!'***

એ બહુ મજાની વાત છે. પોતાનો ભાગ તો અંદર ખરોને? આવું શિક્ષણ આપી બેકારો વધારવા કરતાં શ્રદ્ધાળુ વધે તેવી કેળવણી આપો, કે જે કેળવણી પામેલા આદર્શરૂપ જીવન જીવે અને કહે કે પ્રભુના માર્ગ પર આક્રમણ આવે ત્યારે બચાવ અમે કરીશું. આવા પાછળ ગમે તેટલા પૈસા ખર્ચો તો પણ તે સફળ થાય. આજે તો શ્રદ્ધાળુ સમાજના પૈસે ભણેલા જ પ્રભુમાર્ગ સામે છડેચોક આક્રમણ કરી રહ્યા છે.

### ...તો અમારા મોઢે તાળાં મારવાની છૂટ!

સાધુ શિક્ષણના વિરોધી છે એવું ન માનતા. સાધુ તો કહે છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વિના મુક્તિ નથી. જ્ઞાન વિના મુક્તિ ન માને એ સાધુ જ્ઞાનનો વિરોધ કરે? એનો નિષેધ કરે? કદી નહિ; પણ અજ્ઞાન વધારે એવા જ્ઞાનનો તથા મિથ્યાજ્ઞાનનો તો એ ભારપૂર્વક નિષેધ કરવાના જ. ત્યાં મૂંગા કદી ન રહેવાય. અમને ભય બતાવે છે કે 'તમે બોલી બોલીને ક્યાં સુધી બોલવાના?' અમે કહીએ છીએ કે જીવનના છેલ્લા શ્વાસ સુધી બોલવાના. જે શાસનના બળે આ દેહ પોષાય છે તેને માટે શરીર, વાણી અને મનનો ઉપયોગ કરવાના જ. તમારા રોટલાથી અમે નથી નભતા પણ આ શાસનના પ્રભાવે જ અમે નભીએ છીએ. જેઓ તમારા રોટલાના આધારે એમનું જીવન માનતા હોય તે ભલે એમ કહે. હું તો કહું છું કે અમે આ શાસનના આધારે જ જીવીએ છીએ, એના પ્રભાવે જ અમને રોટલા મળે છે. અમારું જીવન સ્વતંત્ર નથી, પરતંત્ર છે; પણ જેના પ્રભાવે આ જીવન છે, આ સ્થિતિએ પહોંચ્યા છીએ અને વર્ષોથી નિર્ભયપણે ગામેગામ ફરીએ છીએ, તેના પ્રત્યેની ફરજ તો છેલ્લા શ્વાસ સુધી બજાવવાના. આ શાસનને વફાદાર રહેવા માટે પ્રમાદી જીવોને જગાડવા બૂમરાણ કરવાના જ, જેમ રોણીયા રાત્રે બૂમો મારે છે તેમ. ઊંઘનારો પ્રમાદી મોટો ચમરબંધી હોય તો પણ રોણીયાને બૂમ મારતા અટકાવવાની એને સત્તા નથી. એની સામે ફરિયાદ ચાલે જ નહિ. તેમ અમને પણ અટકાવવાની કોઈની તાકાત નથી. પણ હા! શાસનને વફાદાર રહેવાની ગેરંટી ખરી. જો એ વફાદારીને આઘી મૂકીએ તો અમારા મોઢે તાળાં લગાવવાની તમને છૂટ છે.

**સભાઃ** ***તમને ગામમાં જ ન પેસવા દે તો કોને સંભળાવો?***

ગામની ભાગોળે લોકોને ભેળાં કરીને સંભળાવીશું. ત્યાં પણ ભેળાં કરવાની તાકાત છે. કળાનો જાણનાર વાંસળી વગાડે કે ત્યાં હરણિયાં ભેગા થાય જ.

**સભાઃ** ***ગોચરીનું શું?***

એવાને ત્યાં ગોચરી નહિ જઈએ, ફીકર ન કરો. 'સાધુઓ અમારા રોટલા પર જીવે છે' એમ માનનારા ને કહેનારા વાણિયાઓ અજ્ઞાન અને મૂર્ખ છે. એમના કરતાં જૈનેતરો કંઈ ગુણી ભક્તિ કરવા તૈયાર છે. સાધુ સાથે ફરો તો ખબર પડે.

સમ્યકત્વના અભાવે આજે જે કાંઈ બની રહ્યું છે તે તમારા ધ્યાન પર લાવું છું. હવે ધનના વ્યયની દિશા ફેરવો. મિથ્યાજ્ઞાનને બદલે સમ્યગ્જ્ઞાનમાં પૈસા ખર્ચો. પ્રભુમાર્ગના સંસ્કાર ફેલાવવામાં ધનનો વ્યય કરો.

### શું બીજાના આધારે જ જિવાય?

કોર્ટમાં બચાવ માટે વકીલ જોઈએ જ એવો કાયદો નથી. વકીલ હોય તો જ કેસ જિતાય એમ ન માનતા. લુચ્ચાઈ કરવી હોય તેને બધું જોઈએ. સાચેસાચી વાત રજૂ કરનારને કાંઈ ન જોઈએ. ગુનેગાર પોતાને છોડી દેવાનું કહે તોયે કોર્ટ ન છોડે. બીનગુનેગાર બચાવ ન કરે પણ 'ઈશ્વર મારો બેલી છે' એમ કહે અને કહી દે કે-કોઈ પુરાવો પણ નથી, લુચ્ચાઓમાં ફસાયો છું, મારો આધાર ઈશ્વર છે, તો કોર્ટને માથે પાંચ શેરી પડે. એકદમ ન્યાય ન આપે. રાજ્યના બૅરિસ્ટરને એનો બચાવ કરવા રોકે અને ફરીને ફરિયાદીને છ કલાક પાંજરામાં ઊભો રાખે. સો સવાલ પૂછે અને જરા પણ શકનો લાભ મળે તો આરોપીને છોડી દે.

વસ્તુ હોય તેનો લાભ લો તે જુદી વાત છે. બાકી એના આધારે જ જિવાય અને જિતાય, એવું કાંઈ નથી.

વગર વૈદ્યે પહેલાં ચાલતું હતું. ત્યારે રોગો એટલા ન હતા. આજે ચાર મકાન મૂકીને એક ડૉક્ટરના પાડોશીને ત્યાં જ બીમારીના ખાટલા પડયા હોય અને એ ડૉક્ટરને ખબર લેવાની ફુરસદ ન હોય.

હવે પીઠ પર મેખલા વગેરેનું આગળ શું વર્ણન આવે છે તે હવે પછી.

*(ક્રમશઃ)*

# સમતાઃ

(વૈશાખ વદ ૫ -
તા. ૧૭.૫.૧૯૩૦ શનિવાર)

(અવતરણકાર શ્રી ભીખાભાઈ છગનલાલ શાહ)
(સંગ્રહકારઃ સ્વ. ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી હેમભૂષણ સૂરિમહારાજા)

- **નીતિ અને ધર્મને લાંબો સંબંધ નથી. નીતિ વ્યવહારની વ્યવસ્થા માટે પણ સચવાય છે. એ નીતિને શાસ્ત્રકારો ધર્મનું નામ આપતા નથી.**
- **ધર્મમિશ્રિત નીતિ કલ્પતરુ છે, અને કેવળ વ્યવહારની રક્ષા માટે સેવાતી નીતિ કંટકતરુ છે.**
- **ધર્મના નાસ્તિકને પણ વ્યવહારમાં આસ્તિક થવું પડે છે. દેવ, ગુરુ, ધર્મને નહિ માનનારને પણ વેપારીના ચોપડા માનવા પડે છે.**

## (૧૨)

પરમ ઉપકારી **શ્રી મુનિસુંદરસૂરિ મ.** ફરમાવે છે કે સમતા એ અપૂર્વ સુખનું સાધન છે અને સંસાર દુઃખમય અને અતિશય ભયંકર છે, છતાં સમતાને જાણનાર અતિશય વિરલા છે. કર્માધીનતાથી તથા અજ્ઞાનીઓની સલાહથી દુનિયાના આત્માઓએ સમતા સિવાય બીજી વસ્તુમાં સુખ માન્યું છે. જગતના પ્રાણી માત્રને સુખ સિવાય કશી બીજી કામના નથી. ચોવીસે કલાક વિચારો, વર્તન, વાણી, દોડધામ બધા સુખ માટે જ કરે છે, છતાં બધા દુઃખી, એનું કારણ? બધાની તીવ્ર ઈચ્છા સુખની, મહેનત કરે છે સુખ માટે પણ શોધો તો ધોળે દિવસે પણ સુખી હાથમાં ન આવે એનું કારણ? મન, વચન, કાયા ત્રણે યોગો સુખ માટે રોકાય છતાં સુખી ન દેખાય એનો હેતુ અનંત જ્ઞાનીએ જોયો અને તે માટે જગતના પ્રાણીની ઈચ્છા સફલ કરવા ધર્મતીર્થની સ્થાપના કરી. આવી તીવ્ર ઈચ્છા અને પ્રબળ મહેનત છતાં સુખ ન મળે તો કારણ શોધવા ઉભું રહેવું એ ફરજ નથી?

દુનિયા ચાલે એમજ ચાલવાની વાતો કરવામાં માણસાઈ નથી. ડાહ્યો તો વાંધો જાણવા ઉભો રહે. પેઢી કરનાર બાર મહીના મહેનત કરે છતાં આવક ન ભાળે તો તરત કારણ વિચારવા થોભે. એ હજાર ગ્રાહકથી રાજી ન થાય પણ પચીસ ગ્રાહક હજાર જેટલી આવક આપી જાય એથી રાજી થાય. તેલ મરચાંવાળાને ક્ષણની ફુરસદ નહિ છતાં આખો દીવસ મહેનત કર્યા બાદ બે પાંચ રૂા. મળે, જ્યારે ઝવેરીને મહીને બે ત્રણ ઘરાક આવ્યા કે બસ? દુનિયાની બધી ચીજમાંથી કોઈમાં પણ સુખ આપવાની તાકાત હોય તો બતાવો! જે ચીજથી તમને સુખ થાય એનાથી બીજા પચાસને દુઃખ થાય તો? દરેક ચીજ માટે આ કાયદો. એ ચીજમાં સુખ આપવાની તાકાત નથી પણ તમે માની છે. એ ચીજ તમને પણ દસ દીવસ સુખ આપે અને અગીયારમે દીવસે દુઃખ આપે, એવો અનુભવ નથી? અનંતજ્ઞાનીએ જગતની તમામ ચીજ નીહાળી અને જગતમાં જેની ખામી લાગી તે ચીજ એમણે જગતના ભલા માટે બતાવી. દુનિયા અર્થ કામમાં તો હુંશીયાર છે. એમાં એને દેવગુરૂ ધર્મના ઉપદેશની જરૂર નથી. દેવ, ગુરૂ, ધર્મ ન હોય તો વેપાર ન ચાલે? ખાનપાનાદિ અટકી પડે? કશું જ નહિ. મંદીર ઉઠાવી લેવાય, સાધુનો બોયકોટ થાય, ધર્મક્રિયા બંધ થાય તો પણ પેઢી બંધ ન થાય. પેઢીઓ તમે દેવગુરૂના ઉપદેશથી સ્થાપેલી છે?

***પ્રશ્ન૦ વેપારમાં પણ લોકો નીતિ રાખે છે!***

બીકના યોગે ત્યાં અનાચાર, અનીતિ રૂકે છે એમ માન્યું. અહીં મુદ્દો એ નથી. દેવગુરૂ ધર્મની જેમને ચિંતા નથી તેમના પણ વેપાર મજેના ચાલે છે. એ ચિંતા તો થોડા જ દેશમાં છે. મંદિરો બાળી મૂકનારના પણ રોજગાર ચાલે છે ને? નીતિ અને ધર્મને લાંબો સંબંધ નથી. નીતિ વ્યવહારની વ્યવસ્થા માટે પણ સચવાય છે. એ નીતિને ધર્મશાસ્ત્રકારો ધર્મનું નામ આપતા નથી. ક્ષમાને ધર્મ માની એની ખીલવટ માટે સેવાય ત્યારે એ ધર્મ, પણ આપત્કાલથી બચવા સેવાય તો એ ધર્મ નથી. ધર્મમિશ્રિત નીતિ કલ્પતરૂ છે અને કેવળ વ્યવહારની વ્યવસ્થાની રક્ષા માટે સેવાતી નીતિ કંટકતરૂ છે. એ દષ્ટિએ ભેદ પાડી આપણે વાત કરવા માંગીયે છીયે.

મનુષ્ય માત્રને પોતાને માનેલા લાભ માટે તો અમુક ગુણો ફરજીયાત કેળવવા પડે છે. એ ગુણ કેળવવાનો હેતુ અયોગ્ય હોઈ, શાસ્ત્રકાર એને ગુણ કહેતા નથી. વેપારીનો ગ્રાહક સાથેનો પ્રેમ એ મમતા નથી, એ મીઠાશ હૃદયની નથી. ચા પાણી ગ્રાહકને આપે ત્યાં વેપારીનું ઔદાર્ય કે દાનબુદ્ધિ નથી. પોતે શેઠ હોવા છતાં સામાન્ય ગ્રાહક પાંચ બોલ કડવા કહે તો એ ગળી જાય, તે એની ક્ષમા નથી. વેપારી ઉભો થાય એ નિરભિમાનીપણું નથી. દેખાવમાં એ બધા ગુણ દેખાય પણ એ વેપાર માટે હોઈ એને ધર્મ ન કહેવાય. એને ધર્મ કહેવામાં આવે તો ધર્મની કિંમત ઘટે અને અંતે ધર્મનો અભાવ થાય. રોટલાની ભીખ માગનારની ભાષામાંથી પણ સાકર ખરે છે, 'અન્નદાતા' કહીને જ એ વાત કરે છે, એને મહા વિનીત કહેવાય? નહિ, એ તો ટુકડાનો અર્થી છે.

દુનીયાની ચીજના અર્થીપણા માટે ગુણો ખીલવવામાં આત્માનો નાશ છે, આત્મસિદ્ધિ માટે એની ખીલવણી થાય તો એ સદ્‌ગુણો. ગુણરાગી બનનારે ગુણ તથા ગુણાભાસની પરીક્ષા કરવી પડશે. પરીક્ષા નહી કરે તો ગુણાભાસને ગુણ માનવાથી આત્મા વિકાસ નહિ પામે પણ મલીન થશે. ધર્મના નાસ્તિકને પણ વ્યવહારમાં તો આસ્તિક થવું પડે છે. દેવ ગુરૂ ધર્મ તથા આગમને નહિ માનનારને પણ ચોપડા માનવા પડે છે. પૂર્વ પુણ્યપુરુષોની લખેલી વાત નહિ માનનાર પણ અમેરીકાના કાગળને માને છે, માન્યા વિના છૂટકો નથી થતો. 'શી ખાત્રી? એમ ત્યાં એ નથી પૂછતોઃ એ અક્ષર પોતાના છોકરાના છે એમ માની લે છે પણ એવા અક્ષર બીજાના ન આવે એની શી ખાત્રી? 'આ મારા બાપ કેમ?' એવી શંકા મા પાસે ધર્મનો નાસ્તિક પણ કદી કરતો નથી, કેમકે, મા પર કલંક આવે એમ એ સમજે છે. ધર્મની વાતમાં ન માનવાનું કહેવામાં એના બાપનું જાય શું? ધર્મ દૃષ્ટિએ નાસ્તિક પણ વ્યવહારમાં ફરજીયાતપણે આસ્તિક રહે છે. તે પણ ચોપડાને, ભરતીયાને માનેજ. કંપનીના માલીકને જોયો ન હોય, પરિચય ન હોય પણ તોય એ પેઢીને ધરખમ પેઢી માનવા એ તૈયાર થાય. શાસ્ત્રને હમ્બગ કહેનાર નાસ્તિક ત્યાં આવો આસ્તિક બને છે, કેમકે પેટ તથા પૈસા માટે મને-કમને પણ આસ્તિક બન્યા વિના છૂટકો નથી.

શાસ્ત્ર કહે છે કે વ્યવહારની સાધના માટે ગુણોને ખીલવી રહ્યા છો તે આત્મસિદ્ધિ માટે ખીલવો. ધર્મી તે બની શકે જે પરિણમદર્શી બને. જે ક્રિયા વર્તમાનમાં ખરાબ દેખાતી હોય પણ પરિણામ સારૂં હોય તો એ ક્રિયા સારી ગણાય અને જે ક્રિયા વર્તમાનમાં સારી પણ દેખાતી હોય પણ એનું પરિણામ ખરાબ હોય તો એ ક્રિયા ખરાબ છે. ગ્રાહકને ચાહ પાય, પાન આપે, એનું સન્માન કરે, વેપારી બધું કરે, એની એ ક્રિયામાં ગ્રાહક મૂંઝાયો તો જરૂર બેના બાર આપવાનો. શેઠની એ ઉદારતા, મધુરભાષિતા, શાન્તિમાં એ લોભાયો તો પરિણામે એનું ખીસું કતરાય જ - દશા એ આવે કે બીજો પછીથી કોઈ ઠગાયાનું કહે તો પણ એ ન માને, એના મનમાં તો એ જ થાય કે આવું સ્વાગત કરનાર ઠગે? જ્ઞાની કહે છે કે એ ગુણને ગુણ મનાય તો લાભને બદલે હાનિ થાય. વેપારી સમજે છે કે માન મરતબો ગ્રાહક પાસે ન હોય અને કૃપણતા કે લોભને ગ્રાહક માટે છોડવા પડે. કૃપણતા તો ધર્મસ્થાનમાં કરાય. ગ્રાહક પાસે તો એકના દશ કરવાનો પ્રત્યક્ષ લાભ છે, ત્યાં એ કૃપણતા કરે? વ્યવહારમાં આસ્તિક્ય એ અર્થકામના પ્રેમ, લોભ તથા મમતાને આભારી છે. આજના માણસો સ્વતંત્રતાની વાતો કરે છે પણ તે અમુક સ્થલે, લાભ પ્રસંગે કહી દે કે બધે એમ ન ચાલે. આ વ્યવહારકુશલતા ક્યાંથી આવી? અર્થ અને કામ એ ખીંચીને લાવે છે? આત્માને અશુકર્મથી ફસાયલો માની એમાંથી છોડાવવાની બુદ્ધિથી, ખોટા રાગદ્વેષથી છૂટવાની બુદ્ધિથી, અનીતિથી ઉત્તમ સામગ્રી નિષ્ફલ થાય છે એમ માની, મનુષ્યે મનુષ્યને ઠગવું એ ફરજ નથી એમ માની, નીતિ પાળે ત્યાં ગુણ છે, એને લાખ મળશે તોયે એ જુઠ્ઠું નહિ બોલે, પણ આવક માટે નીતિ પાળનારો લાખ માટે જુઠ્ઠું બોલશે. મનમાં જ સમાધાન કરી લેશે કે લાખ મલ્યા પછી પ્રાયઃશ્ચિત તરીકે પાંચ હજારનું દાન આપી દઈશું. એ આદમી આવો સોદો કરે.

દુનિયાના કોઈપણ પદાર્થ માટે ગુણોનો ઉપયોગ તે ધર્મ નથી પણ વેપાર છે. ગુણો તો આત્મશક્તિને વિકસાવવા માટે છે, આ ખ્યાલ તથા આવી બીક કેટલાને?

***સભા૦ ભણેલાને.***

જ્ઞાનના પુસ્તક વાંચી જાય એને પણ નહિ. આત્મશુદ્ધિ માટે ભણે તેને તો એ ખ્યાલ થાય પણ ગળથુથીમાંથી જ ભણવાનો હેતુ બીજો બતાવાતો હોય ત્યાં શું થાય? ત્યાં તો દુનિયામાં મનાતું જ્ઞાન અજ્ઞાન કોટિમાં જાય છે અને દુનીયામાં મનાતી સજ્જનતા લગભગ દુર્જનતા બને છે, કેમ કે હેતુ બીજો છે. જગતના પ્રાણી સુખના અર્થી છતાં, સુખનાં સાધન બીજાને માનવાથી પરિણામે ધર્મની બુદ્ધિ છતાં એ ધર્મ પામી શકતા નથી, ધર્મથી આઘાજ રહે છે, ધર્મ ભાવનાને સ્પર્શી શક્તો નથી. નીતિ, ક્ષમા, સત્ય, શાંતિ

આદિ ગુણો આત્માના વિકાસ માટે અદ્વિતીય સાધન છે. જગતના અર્થ કામના પિપાસુઓએ, અર્થકામની પ્રાપ્તિ માટે એ ગુણોને ત્યાં ગોઠવી કિંમત ઘટાડી છે. માનવ જીવન, આર્ય દેશ, આર્ય જાતિ, આર્યકુળ, ધર્મની સામગ્રી, ગુરૂનો સહવાસ, પુણ્ય પાપનો વિવેક કરાવનાર પુણ્ય પુરૂષનો સંયોગ, પાપથી વગેળા કરી પુણ્ય માર્ગે જોડવા સખત પ્રયત્ન કરનાર પણ મળે છતાં આ વિવેક વીસરાય, જ્યાં ને ત્યાં જ રહેવાય તો શાસ્ત્ર કહે છે કે અનંતભવમાં એકનો વધારો. પચાસ સો વર્ષના જીવનમાં નામના મેળવી, શેઠ કહેવાયા, બંગલાવાળા કહેવાયા, એ ફળ તો મલ્યું પણ એ બધી કાર્યવાહીનું ખરૂં ફળ બાકી છે એ વિચાર્યું? લાખ મળ્યા એ વાત સાચી, મોટર મળી અને તેમાં બેસતાંવેંત ફાવે તેટલી ઝડપે મોટર દોડાવી મુસાફરી કરી એ વાત ખરી, બધાએ બરાબર ટાઈમ સાચવનાર નિયમિત કહ્યો એ વાત ખરી પણ એ બધા શેઠ સાહેબ કહે, ત્યારે જ પરીક્ષા છે. એ બધાનું પરિણામ શું? એ વિચારે તે ધર્મી. બંગલામાં પેસતાં બંગળા પાછળની કાર્યવાહી વિચારી કંપે તે ધર્મી. પાટલે જમવા બેસતાં સો ચીજ આવે, તે એના સ્વાદના ફલથી, સ્વાદ પાછળ કરેલ કાર્યવાહી ના ફલથી કંપે તે ધર્મી. વ્યવહારમાં તો નીતિ વિગેરેની બીક વિના છૂટકો નથી. જંગલમાં મૂડી લઈને જાય તે ચોરની બીક રાખેજ, પક્ષીનો અવાજ સાંભળે, કે વાઘની શંકા કરે જ, એ ભયની કિંમત નથી. પાપનો ભય રાખે તે પણ્ડિત. આ બીકતે ધર્મનો હેતુ છે, ધર્મ એ બીકથી પમાય. વાઘ, સિંહ, કૂતરા, બીલાડી, ઉંદરથી ડરવું એ સદ્ગુણ નથી; ત્યાં તો સૌ ડરે, વાણીયો પણ ડરે અને વાઘરી પણ ડરે. શેઠ અને નોકર બેય ત્યાં તો ડરે જ. સૌ સાંકળ વાસીને સૂઈ જાય એમાં નવાઈ નથી. પોતાની સામગ્રી જોઈ વિચારે કે 'આ મેળવવા શું કર્યું? જુઠ્ઠું બોલ્યો તે ભલે લોકો નથી જાણતા, પણ હું તો જાણું છું. એમ વિચારીને કંપે તેને શાસ્ત્ર ધર્મી કહે છે.

ઘણાઓ કહે છે કે 'ત્યાગની લગની ઘણાને છે.' પણ એમની પાસે ત્યાગનો માર્ગ મૂકો અને સિંહાસન મૂકો તો તરત પરીક્ષા થાય. જેટલા મુંબઈમાં આવ્યા છે તે મુંબઈના નથી. ઘર, બાર, સ્ત્રી, જન્મભૂમી મૂકીને આવ્યા માટે એને ત્યાગી કહેવાય? નહિજ. હીન્દ મૂકી વિલાયત જાય એ ત્યાગી? નહિ. વિલાયત જનારે તો વેષ પણ મૂક્યો છતાં ત્યાગી નહિ, એને હાથ ન જોડાય. શેને માટે એ મૂક્યું તે પહેલાં જોવું જોઈએ! એ હેતુ પર એ ક્રિયાની સફળતા તથા નિષ્ફળતાનો આધાર છે. શાસ્ત્ર કહે છે કે ગ્રહસ્થ અર્થ કામ માટે જે તકલીફ ભોગવે છે તે દુનિયામાં કોઈ સંન્યાસી ભોગવતો નથી. એટલી તકલીફ જો અમે (સાધુ) ભોગવીયે તો અમારૂં કલ્યાણ થયા વિના ન રહે. અર્થકામમાં જે તમારૂં સ્થિર ધ્યાન છે એ ધ્યાન અમારૂં અહીં થાય તો બેડો પાર થાય. તમારા ધ્યાનમાં હેતુ 'भजकदलदारम्'નો છે. ગમે તેવા ઉપસર્ગોમાં તમે ન ચલો, એવી કસોટીમાં અમે જો પાર ઉતરીએ તો આજે અમારૂં કલ્યાણ થાય. તમારી તકલીફ માટે શાસ્ત્ર તમને નમસ્કાર કરે છે.

નમસ્કાર બે પ્રકારના આધારે થાય છે. આ અર્થનો નમસ્કાર છે. ગાદી તકીયે બેસનાર સુકોમળશેઠની દોડધામ ઓછી છે? મનની ચિંતા એવી કે સુખ મળે ક્યાંથી? પાઘડી લાલચોળ, મોટર મોટી પણ છાતી પર ચીંતાની સગડી ધીકતીજ હોય. કાલે લાખ ચૂકવવાનો વાયદો હોય પણ તીજોરીમાં હોય નહિ ત્યાં થાય શું? કહેવાય ક્રોડપતિ પણ કેશ હોય બેન્કમાં, બીજે રોકાયા હોય. એ વળી ચાર પેઢીને ટેલીફોન કરે અને નાણાની વ્યવસ્થા કરે, ત્યાંથી જવાબમાં 'ના' મળે તો ચિંતાનો પાર નહિ. મનમાં તો સન્નિપાત મચ્યો હોય. રાત્રે દીવાનખાનામાં એ સૂતો હોય એને છૂપા રહી સાંભળો તો એની સ્થિતિની ખબર પડે. 'મરી ગયા. સળગી ગયા.' એમ જ બોલે. અમને (સાધુને) એ દુઃખ સ્વપ્નેય ન આવે. શાસ્ત્રે અમારા દુઃખની ગણના કરી એનું કારણ કે હેતુ શુદ્ધ છે. તમારા દુઃખની ગણના થાય તેમ નથી કેમકે દુઃખ એક નથી. અમને કદી મકાન ન મળે એજ દુઃખ પણ તમારે તો છતે મકાને ક્યારે અહીંથી નીકળવું પડશે એજ મોટી ફીકર. ઝાડ નીચે સૂઈએ તો અમને કોઈ ન પૂછે. ટીકાટીપણ ન થાય, પણ તમારાથી ઓટલે ન સૂવાય. તમારી ચિંતાને તપ કહેવાય? નહિ. તપ એટલે કષ્ટ નથી, જો એમ હોય તો વેપારી મોસમમાં કલાકો સુધી ભૂખ્યો રહે છે. સવારના છ વાગે જાય તે રાત્રે ખાય, આ દશા ભોગવે છતાં એ તપ નથી. ચણા મમરા ફાકે પણ તપ નહીં, કેમકે હેતુ જૂદો છે.

(ક્રમશઃ)

Shri Prabhavak Jinvani (Gujarati-monthly), Publisher : Shri Jinvani Pracharak Trust, 59, Bank of India Bldg., 2nd Floor, 185, Sheikh Memon Street, Mumbai-400 002. Editor : Shah Dilip Hargovinddas (Gheewala), printed at M/s. Meghart Color Crafts, 42, Ideal Ind. Estate, Mathuradas Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400 013. The owner and the trust do not have any tie up/collaboration with any foreign organization.